dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 246 | AD - 2026, Jeth Vad -12 | Friday, Dt. 12-06-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### બેઠકનો મુખ્ય વિષય ‘વિકસિત ભારત માટે સમાવિષ્ટ માનવ વિકાસ ૨૦૪૭’ રાખવામાં આવ્યો

# પીએમ મોદીની અધ્યક્ષતામાં નીતિ આયોગની બેઠક મળી

નવી દિલ્હી,તા.૧૧

નવી દિલ્હી ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં નીતિ આયોગની ૧૧મી ગર્વનિંગ કાઉન્સિલની ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી. આ વર્ષની બેઠકનો મુખ્ય વિષય ‘વિકસિત ભારત માટે સમાવિષ્ટ માનવ વિકાસ ૨૦૪૭’ રાખવામાં આવ્યો છે. આ મહત્વપૂર્ણ પ્લેટફોર્મ પર દેશના વિવિધ રાજ્યોના મુખ્યમંત્રીઓ, નાયબ મુખ્યમંત્રીઓ, કેન્દ્રશાસિત પ્રદેશોના લેફ્ટનન્ટ ગવર્નર્સ (ઉપરાજ્યપાલો), કેન્દ્રીય મંત્રીઓ તેમજ નીતિ આયોગના ઉપાધ્યક્ષ, સભ્યો અને સીઈઓ એકઠા થયા હતા. બેઠકનો મુખ્ય હેતુ વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને એક સંપૂર્ણ વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે માનવ વિકાસની ટકાઉ વ્યુહરચનાઓ ઘડવાનો અને તેના લાભો દેશના અંતિમ નાગરિક સુધી પહોંચાડવાનો છે. આ આયોજન અંતર્ગત ‘સમાવેશક માનવ વિકાસ માળખા’પર ખૂબ જ ઝીણવટપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. આ સમગ્ર માળખું મુખ્યત્વે ચાર પાયાના સ્તંભો પર આધારિત રાખવામાં આવ્યું છે:૧. મૂળભૂત માનવ મૂડી અને ભવિષ્યના પડકારોને પહોંચી વળવા માટે તૈયાર કૌશલ્યનો વિકાસ કરવો.૨. ઉત્પાદક રોજગાર સર્જન, નવી ઉદ્યોગસાહસિકતાને વેગ આપવો અને સંતુલિત વિકેન્દ્રિત વિકાસ કરવો.૩. નાગરિકોનું બહેતર આરોગ્ય, યોગ્ય પોષણ અને સર્વગ્રાહી સુખાકારી સુનિશ્ચિત કરવી.૪. દેશના દરેક ક્ષેત્ર, લિંગ, ઉંમર કે સામાજિક-આર્થિક પૃષ્ઠભૂમિના ભેદભાવ વગર તમામ નાગરિકો માટે સમાનતા અને ગૌરવપૂર્ણ જીવનની વ્યવસ્થા ઊભી




કરવી. બેઠકમાં દેશભરમાં ટકાઉ રોજગારીની નવી તકોનું નિર્માણ કરવા, સ્ટાર્ટ-અપ્સ અને સ્થાનિક ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે એક સંયુક્ત રોડમેપ તૈયાર કરવા અંગે સંમતિ સધાઈ હતી. આ રોડમેપના સફળ અને પારદર્શી અમલીકરણ માટે સુશાસન (Good Governance), ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર (DPI), આંતર-વિભાગીય સંકલન અને ડેટા-આધારિત આધુનિક સિસ્ટમ્સ જેવા મજબૂત સાધનોનો વ્યાપક ઉપયોગ કરવામાં આવશે. વહીવટી પ્રક્રિયામાં જવાબદારી અને ચોક્કસ પરિણામો સુનિશ્ચિત કરવા માટે ટૂંકા, મધ્યમ અને લાંબા ગાળાના લક્ષ્યાંકોનું સતત મૂલ્યાંકન કરી શકાય તેવી એક અસરકારક વ્યવસ્થિત મોનિટરિંગ પધ્ધતિ વિકસાવવા પર પણ વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. આનાથી રાજ્યોના પોતાના વિકાસાત્મક અભિગમોને રાષ્ટ્રીય દ્રષ્ટિકોણ સાથે સંરેખિત કરવામાં મોટી મદદ મળશે.

આ ઉપરાંત, કાઉન્સિલે ૨૬ થી ૨૮ ડિસેમ્બર, ૨૦૨૫ દરમિયાન યોજાયેલી મુખ્ય સચિવોની પાંચમી રાષ્ટ્રીય પરિષદની મહત્વની ભલામણો પર પણ વિસ્તૃત વિચારણા કરી હતી. આ ભલામણો મુખ્યત્વે શિક્ષણ અને કૌશલ્ય વર્ધનના પાંચ નિર્ણાયક ક્ષેત્રો પર કેન્દ્રિત છે, જેમાં પ્રારંભિક બાળપણ શિક્ષણ દ્વારા મજબૂત પાયો નાખવો, શાળા શિક્ષણના માળખાકીય બ્લોક્સ સુધારવા, ભવિષ્યના બજાર માટે સક્ષમ કાર્યબળ તૈયાર કરવું, ઉચ્ચ શિક્ષણ દ્વારા જ્ઞાન આધારિત અર્થતંત્રનું નિર્માણ કરવું અને વર્ગખંડની બહાર રમતગમત તેમજ અભ્યાસેતર પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવાનો સમાવેશ થાય છે. નીતિ આયોગની આ ગર્વનિંગ કાઉન્સિલની બેઠક કેન્દ્ર અને રાજ્યો વચ્ચે સહયોગી સંઘવાદને વધુ મજબૂત બનાવી કેન્દ્ર અને રાજ્યોના સંયુક્ત પ્રયાસો દ્વારા દેશને સર્વગ્રાહી પ્રગતિ તરફ લઈ જવામાં નિર્ણાયક સાબિત થશે.

# ઓમાનના બંદરે ઉભેલા જહાજ પર અમેરિકાએ હુમલો કરતા ત્રણ ભારતીય ખલાસીના મોત

નવી દિલ્હી,તા.૧૧

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા ભીષણ સંઘર્ષની વચ્ચે ભારતે પોતાના વધુ ત્રણ નાગરિકો ગુમાવ્યા છે. ઓમાનના દરિયાકિનારે અમેરિકાની સેના દ્વારા ‘સેટેબેલો’ (MT Settebello) નામના ઓઈલ ટેન્કર પર કરવામાં આવેલા હુમલામાં ત્રણ ભારતીય ખલાસીઓના કમકમાટીભર્યા મોત થયા છે. કેન્દ્રીય શિપિંગ મંત્રી સર્વાનંદ સોનોવાલે આ અત્યંત દુઃખદ સમાચારની સત્તાવાર પુષ્ટિ કરી છે. અમેરિકાના આ આક્રમક



હુમલાને કારણે જહાજના એન્જિન રૂમમાં ભયાનક આગ લાગી ગઈ હતી. કેન્દ્રીય મંત્રી સોનોવાલે સોશિયલ મીડિયા પર આ ઘટના અંગે ઊંડો આઘાત અને દુઃખ વ્યક્ત કરતા જણાવ્યું છે કે, જે ત્રણ ભારતીય ખલાસીઓ શરૂઆતમાં ગુમ હતા, તેમના મૃતદેહ મળી આવ્યા છે અને તેમની ઓળખ પણ થઈ ગઈ છે. તેમણે આ ઘટનાને મેરીટાઈમ ફેમિલી માટે બહુ મોટી ખોટ ગણાવીને પીડિત પરિવારોને મોદી સરકાર તરફથી પૂરો સહકાર આપવાની ખાતરી આપી છે. મિડલ ઈસ્ટ અને ઈરાન વચ્ચે વધી રહેલા તણાવ વચ્ચે આ ઘટના વૈશ્વિક સુરક્ષા માટે ચિંતાજનક છે, જેના પગલે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં ભારતના કાયમી પ્રતિનિધિ હરીશ પર્વતનેનીએ વેપારી જહાજો પર થઈ રહેલા હુમલાઓ સામે ભારત વતી આકરો વિરોધ નોંધાવતા સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે ભારત આવી હિંસક ઘટનાઓને ક્યારેય સ્વીકારશે નહીં.

# બાંગ્લાદેશની સરહદ પર નાગરિકને પરત મોકલવાની કામગીરી બાદ ભીડ વચ્ચે પથ્થરમારો

નવી દિલ્હી,તા.૧૧

પૂર્વોત્તર રાજ્ય મેઘાલય અને બાંગ્લાદેશની આંતરરાષ્ટ્રીય સરહદ પર ભારે હોબાળો અને તણાવની ઘટના સામે આવી છે. આ વિવાદ મેઘાલયના દક્ષિણ પશ્ચિમ ગારો હિલ્સ જિલ્લાના મહેન્દ્રગંજ વિસ્તારમાં આવેલા નંદિર ચાર સરહદી વિસ્તારમાં બન્યો હતો.

સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, એક બાંગ્લાદેશી નાગરિકે ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશ કર્યો હતો. સુરક્ષા એજન્સીઓએ તેને કસ્ટડીમાં લીધા



બાદ સીમા સુરક્ષા દળ (BSF) દ્વારા તેને પરત મોકલવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. જોકે, બાંગ્લાદેશ બોર્ડર ગાર્ડ્સ (BGB) અને ત્યાંના સ્થાનિક લોકોએ આ વ્યક્તિનો સ્વીકાર કરવાનો ઈનકાર કરી દીધો હતો. આથી તે વ્યક્તિ બંને દેશોની સરહદ વચ્ચે તારની વાડ પાસે જ ફસાઈ ગયો, જેના કારણે સમગ્ર વિસ્તારમાં ભારે અસમંજસ અને તણાવપૂર્ણ સ્થિતિ સર્જાઈ હતી.


આ સમાચાર વાયુવેગે ફેલાતા જ સરહદની બંને બાજુએ સેંકડો લોકો એકઠા થઈ ગયા હતા. ઉગ્ર બોલાચાલી બાદ બંને તરફથી આંતરરાષ્ટ્રીય સરહદની આરપાર ભારે પથ્થરમારો શરૂ થઈ ગયો હતો. જોકે, આ ઘટનામાં કોઈ ગંભીર રીતે ઘાયલ થયું નથી, પરંતુ સાવચેતીના ભાગરૂપે ત્યાં વધારાના સુરક્ષા દળો તહેનાત કરી દેવાયા છે.




# મહિલાઓ માટે હોમમેકર નહી રાષ્ટ્ર નિર્માતાનો શબ્દ પ્રયોગ કરો : સુપ્રીમ

નવી દિલ્હી,તા.૧૧

સુપ્રીમ કોર્ટે ગુરુવારે કહ્યું કે પરિવારમાં એક મહિલાના યોગદાનને કારણે તેમના માટે હોમમેકર (ઘર સંભાળનાર) ને બદલે રાષ્ટ્ર નિર્માતા (નેશન બિલ્ડર) શબ્દનો ઉપયોગ થવો જોઈએ.જસ્ટિસ સંજય કરોલ અને જસ્ટિસ એન. કોટિશ્વર સિંહની બેન્ચે એક અકસ્માતમાં પત્નીના મૃત્યુ પછી તેના પતિને વધારાનું વળતર આપવાનો આદેશ આપતા આ ટિપ્પણી કરી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે એક ગૃહિણીનું કામ ફક્ત રસોઈ બનાવવી, બાળકોની સંભાળ રાખવી અને ઘર સંભાળવું એટલું જ નથી. તે પરિવારના પાયાને મજબૂત બનાવે છે, આગામી પેઢી તૈયાર કરે છે. સમાજના વિકાસમાં પરોક્ષ પરંતુ અત્યંત મહત્વપૂર્ણ યોગદાન આપે છે. કોર્ટે કહ્યું કે એક ગૃહિણીના ઘરના કામની વેલ્યુ કાઢવામાં આવે તો તેની અંદાજિત આવક ૩૦ હજાર રૂપિયા પ્રતિમાસ થાય છે. તેથી વળતર નક્કી કરતી વખતે તેમના યોગદાનને ફક્ત સાંકેતિક કે ઓછું આંકી શકાય નહીં.






# સુશાસનની ઉજવણી નિમિત્તે બાબરામાં પ્રતિમાઓની સાફ-સફાઈ કરાઈ

બાબરા, તા. ૧૧

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારના ૧૨ વર્ષના સફળ અને જનકલ્યાણકારી શાસનને સમર્પિત એક ભવ્ય કાર્યક્રમ બાબરા મુકામે યોજાયો હતો. બાબરા શહેર ભાજપ અને નગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે ધારાસભ્ય જનકભાઈ તળાવિયાના



અધ્યક્ષસ્થાને આ વિશેષ સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કાર્યકરોએ શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલી લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ, પૂજ્ય દયારામ બાપુ અને ડૉ. બાબાસાહેબ આંબેડકર જેવા મહાપુરુષોની પ્રતિમાઓની જળથી સફાઈ કરી તેમને આદરપૂર્વક ફૂલહાર અને પુષ્પાંજલિ અર્પણ કર્યા હતા. ઉપરાંત શહીદ ચોક ખાતે વીર જવાનોના સ્મારકની પણ સાફ-સફાઈ કરવામાં આવી હતી. જેમાં અગ્રણીઓ અને મોટી સંખ્યામાં સ્થાનિક નાગરિકો ઉત્સાહભેર જોડાયા હતા.

# અમરેલીના ચક્કરગઢ રોડ વિસ્તારમાં પોલીસ ચોકીમાં કાયમી સ્ટાફ મુકવા કોમલબેન રામાણીની માંગ

અમરેલી,તા.૧૧

અમરેલી શહેરના ચિતલ રોડ વિસ્તારના રહેવાસીઓએ વિસ્તારમાં વધતી અસામાજિક પ્રવૃત્તિઓ અને સુરક્ષા સંબંધિત પ્રશ્નોને ધ્યાનમાં રાખીને પોલીસ તંત્ર સમક્ષ પાલિકા સદસ્ય કોમલબેન સંજયભાઈ રામાણીએ રજૂઆત કરી છે. રજૂઆતમાં જણાવ્યા અનુસાર છેલ્લા કેટલાક સમયથી વિસ્તારમાં વેપારીઓ, વિદ્યાર્થીઓ અને સામાન્ય નાગરિકોને વિવિધ પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. ખાસ કરીને રાત્રિના સમયે અસામાજિક તત્ત્વોની અવરજવર વધતા લોકોમાં ભયનો માહોલ સર્જાયો હોવાનું જણાવાયું છે.કોમલબેન



રામાણીએ વધુમાં રજૂઆત કરી હતી કે આ વિસ્તારમાં આવેલી પોલીસ ચોકીમાં હાલમાં કાયમી પોલીસ સ્ટાફની અછત હોવાથી તાત્કાલિક મદદ મેળવવામાં મુશ્કેલી પડે છે. પરિણામે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવામાં પડકારો ઊભા થાય છે. સ્થાનિક નાગરિકોએ પોલીસ ચોકીમાં ચોવીસ કલાક કાયમી સ્ટાફની નિમણૂક કરવાની માંગ કરી છે.

# લાઠી તાલુકામાં જનકલ્યાણ શિબિરોનું કરાયું આયોજન

લાઠી, તા. ૧૧

કેન્દ્રમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સુશાસનને ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે અમરેલી જિલ્લાના લાઠી તાલુકામાં ૧૨થી ૨૦ જૂન, ૨૦૨૬ દરમિયાન જનકલ્યાણ શિબિરો યોજાશે. આ શિબિરોનો મુખ્ય હેતુ નાગરિકોને કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો સીધો લાભ આપવાનો છે.આ અંતર્ગત ૧૨ જૂનના રોજ હિરાણા પ્રાથમિક શાળા ખાતે, ૧૬ જૂનના રોજ કેરાળા પ્રાથમિક શાળા ખાતે અને ૧૯ જૂનના રોજ ઠાંસા પ્રાથમિક શાળા ખાતે સવારે ૧૦:૦૦ વાગ્યાથી શિબિરોનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિરોમાં આસપાસના વિવિધ ગ્રામ્ય વિસ્તારના નાગરિકો જોડાઈ શકશે. મામલતદારે તાલુકાના તમામ લોકોને આ શિબિરોનો લાભ લેવા અનુરોધ કર્યો છે.

# લાયન્સ ક્લબ અમરેલી મેઈન મંદબુધ્ધિ બાળકોની 'માનવ સ્મૃતિ આશ્રમ' સંસ્થાની મુલાકાતે

અમરેલી, તા. ૧૧

લાયન્સ ક્લબ ઓફ અમરેલી મેઈન દ્વારા કમી (કેરાળા) ખાતે આવેલા 'માનવ સ્મૃતિ આશ્રમ'ની મુલાકાત લેવામાં આવી હતી. આ નિવાસી શાળામાં મંદબુધ્ધિ બાળકોને વિશિષ્ટ શિક્ષણ તેમજ સ્પીચ થેરાપી આપીને સામાન્ય બાળક બનાવવાનો પ્રશંસનીય પ્રયાસ કરવામાં આવે છે, જેમાં



સંસ્થાને મોટી સફળતા મળી છે. મુલાકાત દરમિયાન બાળકોને પૌષ્ટિક નાસ્તો કરાવવામાં આવ્યો હતો. આ સાથે જ ક્લબના સિનિયર સભ્ય રાજુભાઈ પરીખના માતૃશ્રી સ્વ. રમાબેન વસંતભાઈ પરીખની સ્મૃતિમાં શાળાને ચેક દ્વારા આર્થિક અનુદાન અર્પણ કરાયું હતું. આ પ્રસંગે ક્લબના પ્રમુખ બકુલરાય ભટ્ટ, સેક્રેટરી રજનીકાંત ધોરાજીયા, ખજાનચી નંદલાલ તળાવિયા, દિનેશભાઈ ભુવા, જયસુખભાઈ ઢોલરીયા સહિતના સભ્યો તેમજ આશ્રમના કર્મચારી ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી બહુમાળી ભવન પાસેથી બાઈકની ચોરી

અમરેલી, તા. ૧૧

**બાઈક માલિકે અજાણ્યા તસ્કર સામે પોલીસ ફરિયાદ નોંધાવી**

અમરેલીમાં બહુમાળી ભવન પાસે પાર્ક કરેલી બાઈકની ચોરી કરી અજાણ્યો ઈસમ ફરાર થઈ ગયો હતો.

આ અંગે જયભાઈ દીપકભાઈ શુક્લ (ઉ.વ. ૨૯) એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના મોટાભાઈની માલિકીની બાઈક બહુમાળી ભવનમાં જવાના દરવાજા પાસે પાર્ક કરી હતી, જ્યાંથી અજાણ્યો ઈસમ તેની ચોરી કરીને લઈ ગયો હતો. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ કે.એસ. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# ધારીના ગોપાલગ્રામ ૧૯૬૨ પશુ સેવાએ બિમાર ગાયનો જીવ બચાવ્યો

ધારી,તા.૧૦

ધારી તાલુકાના ગોપાલગ્રામ ખાતે ગુજરાત સરકારની ૧૯૬૨ પશુચિકિત્સા ઈમરજન્સી સેવાની ત્વરિત કામગીરીથી એક ગંભીર રીતે બીમાર ગૌમાતાનો સમયસર સારવાર દ્વારા જીવ બચાવવામાં સફળતા મળી હતી. આ ઘટના ગ્રામ્ય વિસ્તારોમાં પશુચિકિત્સા સેવાઓના મહત્વને ઉજાગર કરતી સાબિત થઈ છે.પ્રાપ્ત વિગતો અનુસાર, ગોપાલગ્રામમાં એક ગૌમાતા અચાનક અસ્વસ્થ



બની ગઈ હતી. ગૌમાતાની સ્થિતિ ગંભીર જણાતા સ્થાનિક ગૌરક્ષકે તરત જ ૧૯૬૨ પશુચિકિત્સા ઈમરજન્સી સેવાનો સંપર્ક કર્યો હતો. જાણ મળતાં જ સેવાની ટીમ જરૂરી તબીબી સાધનો અને સેવા વાહન સાથે સ્થળ પર દોડી આવી હતી. તપાસ બાદ જરૂરી દવાઓ અને સારવાર આપવામાં આવી હતી.

પાલિકામાં 'ચા કરતા કીટલી ગરમ' જેવી સ્થિતિનું નિર્માણ

# બગસરામાં ભાજપ સદસ્યોને જીતનો નશો, કર્મચારીઓને દબાવવાના પ્રયાસો

**સદસ્યોના તુમાખીભર્યા વર્તનને લઈ કર્મચારીઓમાં ભારે રોષ**

બગસરા,તા.૧૧

બગસરા નગરપાલિકામાં ભાજપે કબજો કર્યા બાદ સદસ્યોને હજુ જીતનો નશો ઉતર્યો નથી. જીતના નશામાં સદસ્યો પાલિકામાં કર્મચારીઓ સાથે પણ ઉધ્ધતવર્તન કરતા હોવાથી કર્મચારીઓમાં સદસ્યોની નીતિ સામે આક્રોશ ફેલાયો છે. બગસરા નગરપાલિકામાં ભાજપે ૨૨ બેઠકો કબજે કર્યા બાદ સદસ્યો હવામાં ઉડવા લાગ્યા છે. પાલિકા પ્રમુખની અમુક કામમાં જવાબદારી હોવા છતાં અન્ય સદસ્યો પોતાનુ વર્ચસ્વ જમાવવા પાલિકાને બાનમાં લેવાનો પ્રયાસ કરી રહ્યાં છે. જેથી 'ચા કરતા કીટલી ગરમ' જેવો ઘાટ સર્જાયો છે. અમુક સદસ્યોને જીતનો એટલો નશો ચડ્યો છે કે કર્મચારીઓ સાથે પણ ઉધ્ધતવર્તન કરી દબાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે. કર્મચારીઓ સાથે બિભત્સ ભાષામાં ઉપયોગ કરતા હોવાની પણ ફરિયાદ ઉઠવા પામી છે. આ બાબતે જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણીને રજૂઆત કરવામાં આવતા તેમને પણ સદસ્યોની આવી નીતિની ટીકા કરી અને જે કોઈ સદસ્ય આવુ કરતો હશે તો તેની સામે કાર્યવાહી કરવામાં આવશે તેમ જણાવ્યું હતુ. ભાજપ સદસ્યોના આવા વર્તનને કારણે અમુક કર્મચારીઓએ તો હડતાલ પર જવાનું મન બનાવ્યું હોવાનુ જાણવા મળ્યુ છે. આમ, જીતના નશામાં ચકચૂર બનેલા સદસ્યો સામે હવે લોકોમાંથી છાનેખૂણે વિરોધ થઈ રહ્યો છે.




સાંસદ ભરત સુતરીયા અને ધારાસભ્ય મહેશ કસવાળા દ્વારા

# લીલીયાના પુંજાપાદર ગામે જળ સંશયના કામનું નિરીક્ષણ

લીલીયા,તા.૧૧

લીલીયા તાલુકાના પુંજાપાદર ગામે સુજલામ સુફલામ યોજના અંતર્ગત થઈ રહેલા જળ સંચયના કામનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરવા સાંસદ ભરતભાઈ સુતરીયા અને ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ સંયુક્ત મુલાકાત લીધી હતી. બંને નેતાઓએ નદી-નાળા ઊંડા કરવાની



તેમજ પાણીના સંગ્રહ માટેની કામગીરીની ઝીણવટભરી સમીક્ષા કરી હતી. આગામી ચોમાસામાં વધુ પાણીનો સંગ્રહ થાય અને ભૂગર્ભ જળ સ્તર ઊંચા આવે તેવા વહીવટી તંત્ર અને સ્થાનિકોના આયોજનને તેમણે બિરદાવ્યું હતું. સાંસદે જણાવ્યું કે જળ સંચયથી ખેડૂતો અને પશુપાલકોને ઉનાળામાં પાણીની અછત નહીં નડે, જ્યારે ધારાસભ્યે કામની ગુણવત્તા જાળવવા સૂચનો આપ્યા હતા. આ તકે જીગ્નેશ સાવજ સહિત અનેક સ્થાનિક અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# જિલ્લામાંથી ઝુમ બરાબર ઝુમ છ શરાબી ઝડપાયા

અમરેલી, તા. ૧૧

**સા.કુંડલામાં વિદેશી દારૂની ત્રણ બોટલ સાથે યુવક ઝડપાયો**

અમરેલી જિલ્લામાં પોલીસે વાપાળીયા, પચપચીયા, છાપરી, વિજપડી, રાજુલા અને સાવરકુંડલા સહિતના વિસ્તારોમાંથી અલગ-અલગ સ્થળેથી કુલ છ ઈસમોને પાસ-પરમિટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા ઝડપી પાડ્યા હતા. આ ઉપરાંત, સાવરકુંડલામાંથી અયુબ કાલવા નામના યુવક પાસેથી ભારતીય બનાવટના વિદેશી દારૂની ત્રણ બોટલ મળી આવતા પોલીસે તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)


વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ, રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

## મામલતદાર અને એકઝીક્યુટિવ મેજિસ્ટ્રેટની કોર્ટમાં, ભેંસાણ

-:: જાહેર નોટીસ ::-

કેસ.નં.જન્મ-મરણ/૫૮/૨૦૨૬

શ્રી પરેશભાઈ મધુભાઈ ભેસાણીયા,
રહે.ચણાકા, તા.ભેંસાણ, જી.જુનાગઢ
એડવોકેટઃ યોગેશ એસ. ડોબરીયા,
ઓ.૨૦, પટેલ સમાજ, બીજો માળ,
પરબ રોડ, મુ.ભેંસાણ, તા.ભેંસાણ, જી.જુનાગઢ ......વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - ચણાકા
તા.ભેંસાણ, જી-જુનાગઢ .....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી શ્રી પરેશભાઈ મધુભાઈ ભેસાણીયા દ્વારા તેઓના પુત્રશ્રી કર્તવ્ય પરેશભાઈ ભેસાણીયાનો જન્મ તા.૧૨/૦૯/૨૦૦૯ના રોજ ગામ/મોજેઃચણાકા, તા.ભેંસાણ, જિ.જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે અરજદારશ્રીની જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી- ચણાકા, તા. ભેંસાણ, જિ.જુનાગઢ ના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૧૧ મી માહે : જુન સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

સહી,
(આઈ.આર. પારગી)
મામલતદાર અને
એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ
ભેંસાણ

|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧૧ || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...

YJ
યમુના જ્વેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે, આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે યમુના જ્વેલર્સ હવે એક ભવ્ય અને નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જ્વેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ
અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

## ડિજિટલ ક્રાંતિ અને આયુષ્માન ભારત યોજના હેઠળ લાખો નાગરિકો સુરક્ષિત બન્યા

# અમરેલી જિલ્લામાં આરોગ્ય ક્ષેત્રે ક્રાંતિ: ૧૨ વર્ષમાં બદલાયું સેવાઓનું ચિત્ર

અમરેલી,તા. ૧૧

કેન્દ્ર સરકારના છેલ્લા ૧૨ વર્ષના કાર્યકાળ દરમિયાન દેશ સહિત અમરેલી જિલ્લામાં આરોગ્ય ક્ષેત્રે અભૂતપૂર્વ પરિવર્તન આવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં શરૂ કરાયેલી ક્રાંતિકારી યોજનાઓ થકી છેવાડાના નાગરિકો સુધી ગુણવત્તાયુક્ત તબીબી સેવાઓ સુનિશ્ચિત થઈ છે.જિલ્લામાં ડિજિટલ હેલ્થ ક્રાંતિ લાવવાના હેતુથી 'આયુષ્માન ભારત ડિજિટલ મિશન' અંતર્ગત અત્યાર સુધીમાં ૧૩ લાખથી વધુ નાગરિકોની **'ABHA'** એકાઉન્ટ હેઠળ નોંધણી પૂર્ણ થઈ ચૂકી છે. આ ડિજિટલ હેલ્થ આઈડીના કારણે દર્દીઓના તબીબી રેકોર્ડ સુરક્ષિત બન્યા છે અને સારવાર પ્રક્રિયા વધુ ઝડપી તથા પારદર્શક થઈ છે.બીજી તરફ, ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોને આર્થિક કવચ પૂરું પાડતી 'પ્રધાનમંત્રી જન



આરોગ્ય યોજના' હેઠળ અમરેલી જિલ્લામાં ૭.૩૧ લાખથી વધુ નાગરિકોને આયુષ્માન કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું છે. આ કાર્ડ થકી જરૂરિયાતમંદોને માન્ય ખાનગી હોસ્પિટલોમાં પણ નિઃશુલ્ક અને કેશલેસ સારવારનો લાભ મળી રહ્યો છે. ગ્રામીણ વિસ્તારોમાં પ્રાથમિક સારવારને વધુ મજબૂત કરવા માટે જિલ્લામાં ૨૦૭ 'આયુષ્માન આરોગ્ય મંદિર' (હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર્સ) કાર્યરત કરાયા છે. જ્યાં સામાન્ય સારવાર ઉપરાંત રસીકરણ, ડાયાબિટીસ-બીપીની તપાસ અને પોષણ માર્ગદર્શન જેવી મહત્વપૂર્ણ સેવાઓ સ્થાનિક સ્તરે જ ઉપલબ્ધ બનતા નાગરિકોની સુખાકારીમાં મોટો વધારો થયો છે.

# બાબરા તાલુકાના કરણુકી ગામે કોળી સમાજની મહત્વની બેઠક યોજાઈ

બાબરા, તા. ૧૧



બાબરા તાલુકાના કરણુકી ગામે કોળી સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓ, ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને કર્મચારીઓના સન્માન સમારોહના આયોજન માટે એક ખાસ બેઠક યોજાઈ હતી. આ પ્રસંગે આગેવાન નીતિનભાઈ રાઠોડે સમાજમાંથી કુરિવાજો તેમજ અંધશ્રધ્ધા દૂર કરી શિક્ષણનો વ્યાપ વધારવા પર ભાર મૂક્યો હતો. બેઠકમાં આગામી કાર્યક્રમને સફળ બનાવવા વિવિધ જવાબદારીઓની વહેંચણી કરવામાં આવી હતી. ગોવિંદભાઈ બાવળીયા, સરપંચ મુન્નાભાઈ અને અન્ય અગ્રણીઓની ઉપસ્થિતિમાં યોજાયેલી આ બેઠકનો મુખ્ય હેતુ સમાજમાં એકતા, શિક્ષણ અને જાગૃતિ લાવવાનો છે.

# ગાધકડા ગામની સગીરાને ધારીનો યુવક ભગાડી ગયો

**સગીરાના માતાએ આ અંગે સા.કુંડલા પોલીસમાં જાણ કરી**

સાવરકુંડલા, તા. ૧૧

સાવરકુંડલાના ગાધકડા ગામની સગીરાને ધારીનો યુવક ભગાડી ગયો હતો. આ અંગે સગીરાની માતાએ ધારીના વિજયભાઈ રમેશભાઈ ગઢીયા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આરોપી તેમની સગીર દીકરીની બાળબુધ્ધિનો લાભ લઈ, તેના કાયદેસરના વાલીપણામાંથી લગ્ન કરવાના તેમજ બદકામ કરવાના ઈરાદે લલચાવી ફોસલાવીને અપહરણ કરી ગયો હતો.

સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના પી.આઈ. બી.પી. પરમાર વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# મોબાઈલ ડિજિટલ યુગમાં ઢૂંઢિયા પીપળીયા ગામ છેલ્લા ૬ મહિનાથી નેટવર્ક વિહોણું

**કાયમી નિવારણ નહી આવે, તો ગ્રામજનોએ ટાવર પાસે 'હવન' કરવાની ચીમકી આપી**

વડિયા,તા.૧૧

વડિયા તાલુકાના ઢૂંઢિયા પીપળીયા ગામમાં છેલ્લા છ મહિનાથી મોબાઈલ નેટવર્કની ગંભીર સમસ્યાને કારણે ગ્રામજનો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. ગામમાં ૨ થી ૩ મોબાઈલ ટાવર હોવા છતાં કનેક્ટિવિટી ન મળતા લોકોને નેટવર્ક શોધવા મકાનોની અગાશીઓ કે ટાવર નીચે ઊભા રહેવું પડે છે.

તાજેતરમાં ગામમાં ૧૪ થી ૧૫ લોકોને હડકાયા શ્વાને કરડવાની ગંભીર ઘટના બની હતી. આ કટોકટીના સમયે નેટવર્ક ન હોવાને કારણે ૧૦૮ એમ્બ્યુલન્સનો સંપર્ક કરવામાં ભારે મુશ્કેલી પડી હતી અને કનેક્ટિવિટી વારંવાર કપાતી હતી. ખેતી પ્રધાન એવા આ મોટા ગામમાં ખેડૂતોને ઓનલાઈન સાત-બારના ઉતારા મેળવવા, કૂવાની મોટર ચાલુ કરવા કે મજૂરો સાથે વાત કરવા માટે પણ મુશ્કેલી પડી રહી છે.

ગામના ઉપસરપંચ બીચ્છુભાઈ બસિયા અને અગ્રણી ગજેન્દ્રભાઈ પટોળીયા સમક્ષ ગ્રામજનોએ આ અંગે રોષપૂર્વક રજૂઆત કરી છે. લોકોની માંગ છે કે મોબાઈલ કંપનીઓ તાત્કાલિક આ ટેકનિકલ ખામી દૂર કરે. જો આ સમસ્યાનું વહેલી તકે કાયમી નિવારણ નહીં આવે, તો ગ્રામજનોએ ટાવર પાસે 'હવન' કરવાની ચીમકી આપી છે.

# બગસરાના હામાપુર ગામે વાડીએથી દાહોદની પરિણીતા લાપતા બની

**પરિણીતાને શોધવા બગસરા પોલીસે તપાસ શરૂ કરી**

બગસરા, તા. ૧૧

બગસરાના હામાપુર ગામે વાડીએથી દાહોદની પરિણીતા લાપતા બની હતી.

આ અંગે દાહોદના ફતેપુરા તાલુકાના ગડરા ગામના અને હાલ હામાપુર ગામે હરેશભાઈ આંબાભાઈ બોરડની વાડીએ રહેતા અતુલભાઈ સુરજીભાઈ પારગીએ (ઉ.વ. ૨૪) પોલીસમાં કરેલી જાહેરાત મુજબ, તેમના પત્ની સીમાબેન પારગી (ઉ.વ. ૨૧) કોઈને કહ્યા વગર ક્યાંક ચાલ્યા ગયાં છે. બગસરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી. ડી. વાળા આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં પરપ્રાંતીય કારીગરોની માહિતી પોલીસને ન આપતા બે રેસ્ટોરન્ટ માલિકો સામે ગુનો

અમરેલી, તા. ૧૧

અમરેલી શહેરમાં જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાના ભંગ બદલ પોલીસે બે રેસ્ટોરન્ટ માલિકો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સુરક્ષાના ભાગરૂપે કરાયેલા ચેકિંગ દરમિયાન જાણવા મળ્યું કે, બંને માલિકો પોતાના એકમોમાં માસિક રૂ. ૨૫,૦૦૦ અને રૂ. ૩૦,૦૦૦ ના પગારથી પરપ્રાંતીય કારીગરો રાખીને કામ કરાવતા હતા. નિયમ અનુસાર આ શ્રમિકોની સંપૂર્ણ વિગતો સ્થાનિક પોલીસ સ્ટેશનમાં જમા કરાવવી અનિવાર્ય હોવા છતાં, માલિકોએ કોઈ માહિતી આપી ન હતી.

આથી પોલીસે જાહેરનામાનો સરેઆમ ભંગ કરવા બદલ બંને આરોપીઓ સામે ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

# બાબરામાં પાડોશીઓ વચ્ચે પાણી ભરવા જેવી સામાન્ય બાબતમાં બબાલ

**સામસામે ફરિયાદ નોંધાવી**

બાબરા, તા. ૧૧

બાબરામાં પાડોશીઓ વચ્ચે પાણી ભરવા જેવી સામાન્ય બાબતમાં બબાલ થઈ હતી, જેમાં બંને પક્ષોએ સામસામે ફરિયાદ નોંધાવી હતી.પ્રથમ પક્ષે રેશ્માબેન રજાકભાઈ ડેરૈયાએ કમુબેન ભરતભાઈ ચાવડા, કમુબેનના જમાઈ કિશનભાઈ, આશાબેન કિશનભાઈ દામાણી તથા ક્રિષ્નાબેન ભરતભાઈ ચાવડા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના ઘરની બાજુમાં એક બંધ મકાન આવેલું છે, જેમાં નગરપાલિકાનું પાણી આવ્યું હતું. તેમણે ત્યાંથી પાણી ભરી લીધા બાદ અન્ય એક પાડોશીને પણ ત્યાંથી પાણી ભરી લેવા જણાવ્યું હતું. આ બાબત પાડોશમાં જ રહેતા કમુબેન ચાવડાને સારી ન લાગતાં તેમણે બેફામ ગાળો આપવાનું શરૂ કર્યું હતું. જે બાદ કમુબેનના જમાઈ કિશનભાઈએ તેમના ઘરમાં ગેરકાયદે પ્રવેશ કર્યો હતો અને લોખંડના દસ્તાનો ઘા મારીને મૂઢ ઈજા પહોંચાડી હતી. એટલું જ નહીં, આરોપીએ વચ્ચે બચાવવા આવેલા સાહેદને પણ માથાના ભાગે લોખંડના દસ્તાના બે ઘા ઝીંકી દેતાં ગંભીર ઈજા થઈ હતી, જેના કારણે માથામાં બે ટાંકા આવ્યા હતા. આ દરમિયાન આરોપીઓએ છૂટા પથ્થરોના ઘા મારીને પણ મૂઢ ઈજા પહોંચાડી હતી.સામે પક્ષે આશાબેન કિશનભાઈ દામાણીએ રેશ્માબેન, રજાકભાઈ, અયાન રજાકભાઈ તથા રીયાઝ રજાકભાઈ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેમના ઘરની સામે આવેલા બંધ મકાનનો નળ તેમણે પોતાના ખર્ચે રિપેર કરાવ્યો હતો. જો કે, તે નળમાંથી આરોપી રેશ્માબેન પાણી ભરી રહ્યા હતા અને પોતાનું પાણી ભરાઈ ગયા બાદ તેમણે અન્ય પાડોશીને પાણી ભરવા આપી દીધું હતું. આથી તેમણે આરોપીને ટોકતાં કહ્યું કે, 'આ નળ અમે રિપેર કરાવ્યો છે, તેથી પહેલા અમારે પાણી ભરવાનું હોય.' આ વાત ન ગમતાં આરોપીઓએ જેમ-ફાવે તેમ ગાળો ભાંડી હતી અને છૂટા પથ્થરોના ઘા મારી મૂઢ ઈજા કરી હતી. આ ઉપરાંત આરોપી અયાન રજાકભાઈએ સાહેદને ઢીકાપાટુનો માર માર્યો હતો, જ્યારે રીયાઝ રજાકભાઈએ તેમને ગાળો આપી, એક ઝાપટ મારી મૂઢ ઈજા પહોંચાડી તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

**મામલતદાર અને તાલુકા એકઝીક્યુટીવમેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ.લાઠી**

કેસ નં. જન્મ/મરણ પરચુરણ અરજ નં.૭૪/૨૬

અરજદાર :- ગીતાબેન અશોકભાઈ ભેસાણીયા, રે.મુ.દામનગર, તા.લાઠી,
અરજદારશ્રીનાં વિ.વ. શ્રી વિપુલકુમાર પ્રમોદરાય જોષી-દામનગર,
- //વિરૂધ્ધ//-
સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારી, નગર પાલીકા કચેરી
મુ.દામનગર, તા.લાઠી, જિ.અમરેલી

**-// જાહેર નોટીસ //-**

આથી લાગતા વળગતા સર્વેને આ નોટીસથી જાણવવામાં આવે છે કે અમરેલી જિલ્લાનાં લાઠી તાલુકાનાં દામનગર ગામના રહીશ અરજદારશ્રીનાં પુત્ર વિશાલ અશોકભાઈ ભેસાણીયાનો જન્મ મોજે દામનગર, તા.લાઠી, ગામે તા.૧૦/૦૯/૧૯૯૭નાં રોજ થયેલ હોવાની જન્મ નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજ કરેલ છે. તો આ કામનાં સામાવાળા દ્વારા જન્મની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે જે કોઈને વાંધો તકરાર કે હરકત હોય, તેઓએ તેમના મુખત્યાર મારફતે કે જાતે અત્રેની કોર્ટમાં મુદત તા.૦૨/૦૭/૨૦૨૬ના રોજ ૩-૩૦ કલાકે વાંધા તકરાર સાથે ઉપસ્થિત રહેવું. અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

તા.૧૨/૦૬/૨૦૨૬
લાઠી.
કોર્ટનો સિક્કો
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ

# અમરેલીના સરંભડા ગામે માટીના ફેરા ભરવાની ના પાડતા માર માર્યો

**ફોરવ્હીલ પર તલવારના ઘા માર્યા**

અમરેલી, તા.૧૧

અમરેલીના સરંભડા ગામે માટીના ફેરા ભરવાની ના પાડતા ગાળો બોલી ઢીકાપાટુનો માર મારવામાં આવ્યો હતો. ઉપરાંત ફોરવ્હીલ કાર પર તલવારના ઘા પણ ઝીંક્યા હતા. આ અંગે અનિલભાઈ જયંતીભાઈ દુધાત (ઉ.વ.૪૧) એ રણજીતભાઈ મંગળુભાઈ વાળા સામે ફરિયાદ નોંધાવી હતી.ફરિયાદ મુજબ, અનિલભાઈની માલિકીનું હિટાચી મશીન ઉનાળામાં તળાવમાંથી માટી ભરવાનું કામ કરતું હતું. દરમિયાન માટી ભરવાનું કામ બંધ થઈ જતાં, તેમણે આરોપી રણજીતભાઈ વાળાને માટીના ફેરા ભરવાની ના પાડી હતી. જેનું મનદુઃખ રાખી આરોપીએ રોડ ઉપર ફોરવ્હીલ સામે પોતાની મોટરસાયકલ ઊભી રાખી દીધી હતી અને તલવારના બે ઘા ફોરવ્હીલ પર મારી ગાડીનો કાચ તોડી નાખ્યો હતો. તેમજ ગાળો આપી ઢીકાપાટુનો માર માર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.કે.ડામોર વધુ તપાસ કરી રહ્યા છે.

BLUE BUDDHA
CLEARANCE SALE
T-SHIRTS @ ₹399
POLOS @ ₹499
SHIRTS @ ₹699
TROUSERS @ ₹699
DENIMS @ ₹799
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
મનિષ વાકોતર
વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in
નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.

સંકુલ ૧૧ - ૧૨ પ્રવેશ ચાલુ
૧૧ - ૧૨ ગર્લ્સ સાયંસ બપોર
૧૧ - ૧૨ મિશ્ર સાયંસ સવાર
૧૧ - ૧૨ EM સાયંસ સવાર
૧૧ - ૧૨ ગર્લ્સ કોમર્સ બપોર
૧૧ - ૧૨ મિશ્ર કોમર્સ સવાર
૧૧ - ૧૨ EM કોમર્સ સવાર
૧૧ - ૧૨ ગર્લ્સ આર્ટસ બપોર
૧૧ - ૧૨ મિશ્ર આર્ટસ સવાર
૧૧ - ૧૨ Bio - Maths ગ્રૂપ
૧૧ - ૧૨ EM - GM મિડીયમ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળઃ-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી.- Ad106

અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ
વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ,
ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.

**મામલતદાર અને તાલુકા એકઝીક્યુટીવમેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ.લાઠી**

કેસ નં. જન્મ/મરણ પરચુરણ અરજ નં.૭૩/૨૬

અરજદાર :- કિશોરભાઈ મગનલાલ ડોડીયા, રે.મુ.દામનગર, તા.લાઠી,
અરજદારશ્રીનાં વિ.વ. શ્રી વિપુલકુમાર પ્રમોદરાય જોષી-દામનગર,
- //વિરૂધ્ધ//-
સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારી, નગર પાલીકા કચેરી
મુ.દામનગર, તા.લાઠી, જિ.અમરેલી

**-// જાહેર નોટીસ //-**

આથી લાગતા વળગતા સર્વેને આ નોટીસથી જાણવવામાં આવે છે કે અમરેલી જિલ્લાનાં લાઠી તાલુકાનાં દામનગર ગામના રહીશ અરજદારશ્રીના પોતાનો કિશોરભાઈ મગનલાલ ડોડીયાનો જન્મ મોજે દામનગર, તા.લાઠી, ગામે તા.૦૧/૦૬/૧૯૬૧નાં રોજ થયેલ હોવાની જન્મ નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજ કરેલ છે. તો આ કામનાં સામાવાળા દ્વારા જન્મની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે જે કોઈને વાંધો તકરાર કે હરકત હોય, તેઓએ તેમના મુખત્યાર મારફતે કે જાતે અત્રેની કોર્ટમાં મુદત તા.૦૨/૦૭/૨૦૨૬ના રોજ ૩-૩૦ કલાકે વાંધા તકરાર સાથે ઉપસ્થિત રહેવું. અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

તા.૧૨/૦૬/૨૦૨૬
લાઠી.
કોર્ટનો સિક્કો
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ

ડ્રીમ ફેમિલી સ્પાની ધમાકા ઓફર
Dream Family spa
Ladies & Gents
ડ્રીમ ફેમેલી સ્પા
ભાઈઓ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૪૫ મિનીટ
બહેનો માટે Rs.699/-માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
ADRESS : સાવર કુંડલા ચોકડી, રીંગ રોડ, RTO office ની બજુમા અમરેલી - 365601

# સાવરકુંડલામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સફળ કાર્યકાળ નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજાયા

સાવરકુંડલા,તા.૧૧

પ્રધાનમંત્રી પદે નરેન્દ્રભાઈ મોદીના અવિરત અને સફળ ૧૨ વર્ષના કાર્યકાળ પૂર્ણ થવાના અવસરે સાવરકુંડલા શહેરમાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની ઉપસ્થિતિમાં વિવિધ જનસંપર્ક અને ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે નવી શાકમાર્કેટ ખાતે નાના વેપ



ારીઓ, શાકભાજી ફેરીયાઓ અને શ્રમિક વર્ગના લોકો સાથે મુલાકાત કરી ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન વેપારીઓને મોઢું મીઠું કરાવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી તેમજ કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ લોકકલ્યાણકારી યોજનાઓ અંગે માહિતી આપવામાં આવી હતી. આ પ્રસંગે વેપારીઓ અને નાગરિકોને આત્મનિર્ભર અને સમૃધ્ધ ભારતના નિર્માણમાં સહભાગી બનવા આહ્વાન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ હાટકેશ્વર મહાદેવ મંદિર ખાતે વિશેષ મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું.

# સાવરકુંડલામાં કરોડોના ખર્ચે બની રહેલા સીસી રોડને વેપારીઓ દ્વારા નુકસાન પહોંચાડવાનો આક્ષેપ

સાવરકુંડલા, તા. ૧૧

સાવરકુંડલા શહેરના મહુવા રોડ પર સરકાર દ્વારા કરોડોના ખર્ચે નવા સીસી રોડનું નિર્માણ કાર્ય શરૂ કરાયું છે. જોકે, કેટલાક વેપારીઓ અને સ્થાનિકોએ પોતાના અંગત હિત અને વાહનોની અવરજવર માટે રોડની બંને બાજુના સીસી રોડના પાળા (ક્યોરિંગ બેરિયર) તોડી નાખ્યા હોવાના આક્ષેપો થયા



છે. નિષ્ણાતોના મતે, રોડની મજબૂતાઈ માટે આ પાળામાં પાણી ભરી રાખવું અનિવાર્ય છે, પણ પાળા તૂટવાથી રોડના ટકાવ અને ગુણવત્તા સામે પ્રશ્નો ઊભા થયા છે. આ પરિસ્થિતિને પગલે સ્થાનિક નાગરિકો અને આગેવાનોમાં ભારે રોષ છે. તેમણે જવાબદારો સામે કડક દંડાત્મક કાર્યવાહી કરવાની તેમજ કોન્ટ્રાક્ટર અને સરકારી તંત્ર દ્વારા યોગ્ય દેખરેખ રાખવાની માંગ કરી છે. આ સાથે જાહેર સંપત્તિના નુકસાન અંગે સ્થાનિક ધારાસભ્ય મહેશભાઈ કસવાલા અને સંબંધિત વિભાગનું ધ્યાન દોરવામાં આવ્યું છે.

# સા.કુંડલાના મઢડા ગામે સ્મશાન પાસે જુગાર રમતા ૪ ઝડપાયા

સાવરકુંડલા, તા. ૧૧

સાવરકુંડલાના મઢડા ગામે સ્મશાન પાસે જુગાર રમતા ૪ શખ્સો ઝડપાયા હતા, જ્યારે ૪ ફરાર થઈ ગયા હતા. તેમની પાસેથી રૂ. ૪૩,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. મહેશભાઈ બેચરભાઈ ચૌહાણ, રવજીભાઈ કાળુભાઈ પરમાર, જગદીશભાઈ વાસુરભાઈ ચૌહાણ તથા રણજીતભાઈ લાખાભાઈ સોલંકી જાહેરમાં તીન પત્તીનો હારજીતનો જુગાર રમતા રોકડા રૂ. ૧૦,૫૦૦ અને ૩ મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૪૩,૫૦૦ના મુદ્દામાલ સાથે રેઈડ દરમિયાન પકડાયા હતા. જ્યારે છનાભાઈ મોહનભાઈ ચૌહાણ, રમેશભાઈ મોહનભાઈ ચૌહાણ, મુકેશભાઈ લાભુભાઈ સોલંકી અને મિતેષભાઈ ઉર્ફે ભુરો ગોબરભાઈ ચૌહાણ પોલીસને થાપ આપી ફરાર થઈ ગયા હતા.

# અમરેલી જિલ્લામાં અપમૃત્યુના વધુ ૪ બનાવ: શહેરમાં આધેડે ઝેરી દવા પીધી

અમરેલી, તા. ૧૧

અમરેલી જિલ્લામાં અપમૃત્યુના વધુ ૪ બનાવ નોંધાયા હતા. અમરેલી શહેરમાં રહેતા ભાર્ગવભાઈ દીપકભાઈ દુહેરાએ જાહેર કર્યા મુજબ, દીપકભાઈ દામજીભાઈ દુહેરા (ઉ.વ.૫૪) એ પોતાની મેળે ઘઉંમાં નાખવાનો ઝેરી પાવડર પી લીધો હતો. જેથી તેમને સારવાર અર્થે ખસેડાયા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું.બીજા બનાવમાં અમરેલી તાલુકા વિસ્તારમાં યુવકે કોઈ અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ લીધો હતો, જેના કારણે તેનું મોત થયું હતું.ત્રીજા બનાવમાં હાલ અમદાવાદના નિકોલમાં રહેતા મૂળ તરકતળાવ ગામના પ્રશાંતભાઈ કનુભાઈ દેવાણીએ જાહેર કર્યા મુજબ, તરકતળાવ ગામે રહેતા અશોકભાઈ શામજીભાઈ દેવાણી (ઉ.વ.૫૨) એકલા રહેતા હતા. તેમજ તેમના લગ્ન થયા નહોતા અને લોન લીધી હતી, જેની ભરપાઈ કરવાનું માનસિક ટેન્શન હોવાથી ઝેરી દવા પી જતા સારવાર દરમિયાન મરણ પામ્યા હતા.ચોથા બનાવમાં મૂળ પંચમહાલના રામનગરીના અને હાલ સાવરકુંડલાના ચરખડિયા ગામે રહેતા ભીમાભાઈ સોમાભાઈ નાયકે જાહેર કર્યા મુજબ, દિનેશભાઈ ચંદુભાઈ નાયક (ઉ.વ.૩૮) માથામાં ઈજા થયેલી બિનવારસી હાલતમાં મળી આવ્યા હતા અને સારવાર મળે તે પહેલાં જ મરણ પામ્યા હતા.

# અમરેલીમાં માંગા હનુમાન મંદિરમાંથી દાનપેટીની ચોરી

**તસ્કરો હવે મંદિરોને નિશાન બનાવતા હોવાથી લોકોમાં ભારે રોષ**

અમરેલી, તા. ૧૧

અમરેલીમાં માંગા હનુમાન મંદિરમાંથી દાનપેટીની ચોરી થઈ હતી. દેવાભાઈ માંગાભાઈ જાપડાએ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, મંદિરમાં રાખેલી દાનપેટીમાં આશરે રૂ. ૩૦૦૦ જેટલી રકમ હતી. રાત્રિ દરમિયાન કોઈ પણ સમયે મંદિરનું તાળું તોડી, કોઈ અજાણ્યો ઈસમ દાનપેટી તથા તેમાં રહેલી આશરે રૂ. ૩૦૦૦ની રોકડ રકમ સાથે ફરાર થઈ ગયો હતો.

અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ. વાય. કાઝી વધુ તપાસ કરી રહ્યા છે.

**'અગાઉનું ભૂલી ગયો નથી ને?' તેમ કહી ગાળો બોલી ઢીકાપાટુનો મૂઢ માર માર્યો**

# લાઠીના મેથળી ગામની સીમમાં મારામારીની ઘટના

**બંને પક્ષોએ સામસામે નોંધાવી ફરિયાદ**

લાઠી, તા. ૧૧

લાઠીના મેથળી ગામની સીમ વિસ્તારમાં એક યુવકને 'અગાઉનું ભૂલી ગયો નથી ને?' તેમ કહી ગાળો આપવામાં આવી હતી. ગાળો બોલવાની ના પાડતા તેને ઢીકાપાટુનો મૂઢ માર મારવામાં આવ્યો હતો, તેમજ 'હવે પછી માથાકૂટ કરીશ તો પતાવી દઈશ' તેવી જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ ઘટના સંદર્ભે બંને પક્ષોએ સામસામે ફરિયાદ નોંધાવી છે.આ અંગે અનિરુધ્ધભાઈ હિંમતભાઈ સિંધવે હિતેશભાઈ ઉર્ફે ડુટો કાળુભાઈ શિયાળ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેમના પિતા તેમજ આરોપીના પિતા વચ્ચે અઠવાડિયા પહેલા જમીન બાબતે બોલાચાલી અને ઝઘડો થયો હતો. જેનું મનદુઃખ રાખી તેઓ પોતાના દાદાના ખેતરે પાકને નુકસાન કરતાં રોઝ (નીલગાય) હાંકવા માટે તપાસ કરવા જતા હતા, તે દરમિયાન રસ્તામાં આરોપીએ તેમને રોકી અગાઉનું મનદુઃખ યાદ કરાવી ગાળો આપી હતી. તેમણે ગાળો આપવાની ના પાડતા આરોપીએ ઢીકાપાટુનો મૂઢ માર માર્યો હતો. તે સમયે તેમના કુટુંબી મામા અભયભાઈ પરમાર તથા ઉમેશભાઈ પરમાર વચ્ચે પડતાં આરોપીએ તેમને 'હવે પછી માથાકૂટ કરીશ તો જાનથી મારી નાખીશ' તેવી ધમકી આપી હતી. સામા પક્ષે હિતેશભાઈ ઉર્ફે ડુટો કાળુભાઈ શિયાળે અનિરુધ્ધભાઈ ઉર્ફે બબુ હિંમતભાઈ સિંધવ સામે ફરિયાદ નોંધાવી છે. જે મુજબ, તેના પિતા તથા આરોપી અનિરુધ્ધના પિતા વચ્ચે અગાઉ જમીન બાબતે બોલાચાલી થઈ હતી. જે વાતનું મનદુઃખ રાખી આરોપીઓએ ગેરકાયદે મંડળી રચી લોખંડની પાઈપ જેવા હથિયારો સાથે રાખી હુમલો કર્યો હતો. મેથળી ગામથી નજીક ઓગનના ઢાળ પાસે આરોપી અનિરુધ્ધે પોતાના હાથમાં રહેલી લોખંડની પાઈપ વડે હિતેશભાઈના ડાબા હાથના બાવડા પર એક ઘા માર્યો હતો, તથા અન્ય આશરે છ અજાણ્યા આરોપીઓએ લોખંડની પાઈપ વડે હાથ-પગ તેમજ પીઠના ભાગે માર મારી, ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# બાબરાના લાલકા ગામે ખેડૂતને બીભત્સ ગાળો બોલી ધમકી આપી

બાબરા, તા. ૧૧

બાબરાના લાલકા ગામે ખેડૂતને ગાળો આપીને ધમકી અપાઈ હતી. ખોડુભાઈ બચુભાઈ ગીડા (ઉ.વ.૫૨)એ કુલદિપભાઈ માત્રાભાઈ ગીડા, માત્રાભાઈ દેહાભાઈ ગીડા તથા દિલીપભાઈ ભગુભાઈ ખાચર સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, માત્રાભાઈ દેહાભાઈ ગીડાએ લાલકા ગામમાં આવેલી સરકારી ખરાબાની ગૌચરની જમીનમાં દબાણ કર્યું હોય, તેવી અરજી તાલુકા પંચાયત બાબરા ખાતે ફરિયાદીના બનેવી વલકુભાઈ વાસકુરભાઈ ખાચરે (રહે. કારિયાણી, તા.જી. બોટાદ) કરી હતી.આ અરજી ફરિયાદીના કહેવાથી જ થઈ છે, તેવી શંકા રાખીને આ બાબતનો ખાર રાખી કુલદિપભાઈ ગીડાએ તેમને જેમ ફાવે તેમ ખરાબ શબ્દોમાં બીભત્સ ગાળો આપી, ઢીકાપાટુ તથા લાકડી વડે માર મારી મૂઢ ઈજા કરી હતી તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બીજા આરોપી માત્રાભાઈ દેહાભાઈ ગીડા તથા દિલીપભાઈ ભગુભાઈ ખાચરે લોખંડની પાઈપ લઈ સાહેદ યુવરાજભાઈને માર મારવા દોડ્યા હતા, તેમજ બીભત્સ શબ્દોમાં ગાળો આપી, લાફા મારી મૂઢ ઈજા કરી, જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: બારસ
તા.૧૨-૦૬-૨૦૨૬, શુક્રવાર, સૂર્યોદય-૦૫:૨૨,
સૂર્યાસ્ત-૦૭:૧૯, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: અશ્વિની

## દૈનિક રાશિફળ

તા.૧૨-૦૬-૨૦૨૬ શુક્રવાર

મેષ: હવે તેને ફેંકી દેવાનો અને આગળ વધવાનો સમય છે. તમારી મહેનત પ્રમાણે તમને શુભ ફળ મળશે. ભાગ્ય તમારા પક્ષમાં છે.

વૃષભ: દિવસની શરૂઆતમાં તમારા મહત્વપૂર્ણ કામ માટે યોજના બનાવો. બપોરનો સમય તમારા પક્ષમાં ખૂબ જ અનુકૂળ હોવાથી તમારું કામ જાતે જ થવા લાગશે.

મિથુન: તમારી અંદર છુપાયેલી પ્રતિભાને ઓળખો અને તેનો ઉપયોગ કરો. વર્તમાન ગ્રહોની સ્થિતિ તમને અદ્ભુત શક્તિ પ્રદાન કરી શકે છે.

કર્ક: વિદ્યાર્થીઓ સ્પર્ધા સંબંધિત કાર્યોમાં સફળ થવાની સંભાવના વધારે છે. તમારી ઉર્જાનો મહત્તમ ઉપયોગ કરો. તેથી પ્રવાસ પણ શક્ય છે.

સિંહ: ગ્રહોની સ્થિતિ અનુકૂળ છે. તમે તમારી મહેનત પ્રમાણે યોગ્ય પરિણામ મેળવી શકશો. તમારી ઉર્જાનો મહત્તમ ઉપયોગ કરો.

કન્યા: સમય સાનુકૂળ છે. મોટાભાગના ગ્રહો તમને ઘણું બધું આપવાનો પ્રયાસ કરી રહ્યા છે. તમારી અંદર અદ્ભુત આત્મવિશ્વાસ અનુભવો.

તુલા: આજનો દિવસ બહાર જવા અને કામ પર ધ્યાન કેન્દ્રિત કરવાનો છે. મન પ્રમાણે ફળ મળવાથી મનમાં પ્રસન્નતા આવશે અને આવકનું સાધન બની શકે છે.

વૃશ્ચિક: તમે તમારી દિનચર્યામાં જે પ્રકારનું પરિવર્તન લાવવાનો પ્રયાસ કરી રહ્યા છો તે તમારા માટે સકારાત્મક અને ફાયદાકારક સાબિત થશે.

ધનુ: આજે ઘરના કેટલાક નવીનીકરણ અને સજાવટને લઈને થોડી ચર્ચા થશે. પરિવારના સભ્યોમાં ઉત્સાહનું વાતાવરણ રહેશે.

મકર: આજે તમારી પાસે કેટલીક નવી જવાબદારીઓ અને વધુ કામનો બોજ હશે, તેથી આરામ અને આનંદ પર ધ્યાન કેન્દ્રિત કર્યા વિના તમારા કામ પર ધ્યાન કેન્દ્રિત કરો.

કુંભ: સંતાન તરફથી ચાલી રહેલી સમસ્યાનો ઉકેલ મળવાથી રાહત મળશે. તમે તમારા અંગત કાર્યો પર તમારું ધ્યાન કેન્દ્રિત કરી શકશો.

મીન: વડીલોના આશીર્વાદ અને સહકારથી તમારું ભાગ્ય વધશે. તેમનું માન-સન્માન જાળવી રાખો. ધાર્મિક કાર્ય સાથે જોડાયેલી પૂજા ઘરમાં પૂર્ણ થઈ શકે છે.

# લાઠીમાં કવિ કલાપીને પત્ર વાંચનથી અનોખી શ્રધ્ધાંજલિ

લાઠી,તા.૧૧

લાઠીના રાજવી કવિ કલાપીની ૧૨૬મી પુણ્યતિથિ નિમિત્તે આરાધના ચેરીટેબલ ટ્રસ્ટ અનોખો સ્મરણાંજલિ કાર્યક્રમ યોજાયો હતો. લાઠીના ઠાકોર સાહેબ કીર્તિકુમારસિંહજી ના નિવાસસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં કવિ કલાપીના પત્રોનું વાંચન હેમાક્ષીબેન સોલંકી, કુ. માન્યતાબેન સરવૈયા અને ભરતભાઈ પાડાએ કરીને તેમને શ્રધ્ધાસુમન અર્પણ કરવામાં



આવ્યાં હતા. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે જાણીતા સાહિત્યકાર ડો. ભુપેન્દ્ર રાવલે જણાવ્યું કે, 'કલાપીના પત્રો એ માત્ર પત્રવ્યવહાર નથી, પણ કલાપીને જાણવા-માણવાનું ઉત્તમ સાહિત્ય સર્જન છે. જ્યારે આરાધના ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ ઈતેષભાઈ મહેતાએ જણાવ્યું કે, કલાપીના પત્રોમાં કલાપીનું સંવેદનશીલ હૃદય પ્રગટ થાય છે.'

કલાપીએ પોતાના મિત્રો, પત્ની આનંદીબા, રમાબા અને પ્રેયસી મોંઘી ઉર્ફે શોભનાને કાશ્મીર તથા માથેરાનના પ્રવાસ દરમિયાન લખેલા પત્રો આજે ગુજરાતી સાહિત્યની અમૂલ્ય ધરોહર સમાન છે. ડો. મુકેશભાઈ ત્રિવેદીએ પણ કલાપીના જીવન-કવન પર પ્રકાશ પાડ્યો હતો. આ પ્રસંગે લાઠીના અગ્રણી વેપારી જયેશભાઈ ઠાકર, લાઠી શહેર ભાજપ પ્રમુખ ધર્મેશભાઈ સોની, 'વીર હમીરસિંહજી' નાટકના કલાકાર ભાવેશભાઈ રંગપરા, શિક્ષક સી.એમ.સોલંકી તથા પંકજભાઈ રાઠોડ સહિત અગ્રણીઓ અને સાહિત્યપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન ટ્રસ્ટના મંત્રી રાજુભાઈ રિઝિયાએ કર્યું હતું. આભારવિધિ એડવોકેટ હરેશભાઈ સેજુએ કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા ધીરુભાઈ ગાંગડિયા, મનુબાપુ ગોસાઈ અને દિનેશભાઈ લાઠીયાએ જહેમત ઉઠાવી હતી.

# ચલાલામાં મહિલાએ એસિડ પીધું

ચલાલા, તા. ૧૧

ચલાલામાં એક મહિલાએ બીમારીથી કંટાળીને એસિડ પી લીધું હતું. આ અંગે પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, મહિલાને ડાયાબિટીસની દવા ચાલુ હતી અને તે પોતાની આ બીમારીથી કંટાળી ગઈ હતી. જેથી તેણે પોતાના ઘરે બાથરૂમમાં રાખેલું એસિડ પી લીધું હતું. ચલાલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ રવિભાઈ ખોડાભાઈ બગડા આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.


**મામલતદાર અને એકઝીક્યુટિવ મેજિસ્ટ્રેટની કોર્ટમાં, ભેંસાણ**

-:: જાહેર નોટીસ ::-

કેસ.નં.જન્મ-મરણ/૩૦/૨૦૨૬

શ્રી કાનજીભાઈ વાલજીભાઈ વસોયા,
રહે.મંડલીકપુર, તા.જી.જુનાગઢ .......વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - ખાખરા હડમતીયા
તા.ભેંસાણ, જી-જુનાગઢ .....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી કાનજીભાઈ વાલજીભાઈ વસોયા દ્વારા તેમના પુત્ર મિતેષનો જન્મ તા.૩૧/૧૨/૧૯૯૬ના રોજ ગામ/મોજે:ખાખરા હડમતીયા, તા.ભેંસાણ, જિ.જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે અરજદારશ્રીની જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી- ખાખરા હડમતીયા, તા. ભેંસાણ, જિ.જુનાગઢ ના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૨૫ મી માહે : માર્ચ સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

સહી,
(આઈ.આર. પારગી)
મામલતદાર અને
એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ
ભેંસાણ

**મામલતદાર અને એકઝીક્યુટિવ મેજિસ્ટ્રેટની કોર્ટમાં, ભેંસાણ**

-:: જાહેર નોટીસ ::-

કેસ.નં.જન્મ-મરણ/૫૨/૨૦૨૬

શ્રી રાઘવભાઈ લાલજીભાઈ કપુરીયા,
રહે.વાંદરવડ, તા.ભેંસાણ, જી.જુનાગઢ .......વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - વાંદરવડ
તા.ભેંસાણ, જી-જુનાગઢ .....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી રાઘવભાઈ લાલજીભાઈ કપુરીયા દ્વારા તેઓના ધર્મપત્નીશ્રી મનિષાબેન રાઘવભાઈ કપુરીયાનું અવસાન તા.૨૪/૦૪/૨૦૧૩ના રોજ ગામ/મોજે:વાંદરવડ, તા.ભેંસાણ, જિ.જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમની મરણ નોંધ ગ્રામ પંચાયત કચેરી- વાંદરવડ, તા. ભેંસાણ, જિ.જુનાગઢ ના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, મરણની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૪ મી માહે : જુન સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

સહી,
(આઈ.આર. પારગી)
મામલતદાર અને
એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ
ભેંસાણ

**મામલતદાર અને એકઝીક્યુટિવ મેજિસ્ટ્રેટની કોર્ટમાં, ભેંસાણ**

-:: જાહેર નોટીસ ::-

કેસ.નં.જન્મ-મરણ/૪૮/૨૦૨૬

શ્રી હિતેષભાઈ બટુકભાઈ માથુકીયા,
રહે.રાણપુર, તા.ભેંસાણ, જી.જુનાગઢ .......વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - રાણપુર
તા.ભેંસાણ, જી-જુનાગઢ .....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી હિતેષભાઈ બટુકભાઈ માથુકીયા દ્વારા તેઓના માતૃશ્રીના મંજુલાબેન બટુકભાઈ માથુકીયાનું અવસાન તા.૧૩/૦૧/૨૦૦૩ના રોજ ગામ/મોજે:રાણપુર, તા.ભેંસાણ, જિ.જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમની મરણ નોંધ ગ્રામ પંચાયત કચેરી- રાણપુર, તા. ભેંસાણ, જિ.જુનાગઢ ના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, મરણની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૨૦ મી માહે : મે સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

સહી,
(આઈ.આર. પારગી)
મામલતદાર અને
એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ
ભેંસાણ

**તંત્રી લેખ**

# શિક્ષણ કે વિક્ષેપ – મોબાઈલ પ્રતિબંધની વૈશ્વિક પરિસ્થિતિ

આજના ડિજિટલ યુગમાં મોબાઈલ ફોન જીવનનો અભિન્ન ભાગ બની ગયો છે. શિક્ષણ, માહિતી અને સંવાદ માટે તે ઉપયોગી સાધન છે, પરંતુ તેનો અનિયંત્રિત ઉપયોગ બાળકોના શિક્ષણ અને વ્યક્તિત્વ વિકાસ માટે ગંભીર પડકારો ઊભા કરી રહ્યો છે. શિક્ષણમાં અને જીવનના વિવિધ કાર્યોમાં એકાગ્રતા જાળવવા માટે બાળકોના મોબાઈલ વપરાશ પર નિયંત્રણ જરૂરી બની ગયું છે. માત્ર મોબાઈલ છીનવી લેવાને બદલે તેનો વિવેકપૂર્ણ ઉપયોગ શીખવાડવો એ આજની શિક્ષણ વ્યવસ્થાનો મુખ્ય હેતુ હોવો જોઈએ. તાજેતરમાં યુનેસ્કોના અહેવાલ મુજબ વિશ્વના લગભગ ૫૮ ટકા દેશોએ શાળાઓમાં મોબાઈલ ફોનના ઉપયોગ પર રાષ્ટ્રીય સ્તરે પ્રતિબંધ અથવા નિયંત્રણ લાગુ કર્યું છે. આ દર્શાવે છે કે મોબાઈલના વધતા પ્રભાવને કારણે શિક્ષણ ક્ષેત્રે ગંભીર ચિંતાઓ ઊભી થઈ છે. વર્ગખંડમાં મોબાઈલના વધુ પડતા ઉપયોગથી વિદ્યાર્થીઓની એકાગ્રતા ઘટે છે, અભ્યાસમાં રસ ઓછો થાય છે અને શૈક્ષણિક ગુણવત્તા પર નકારાત્મક અસર પડે છે. બોલિવિયા, કોસ્ટા રિકા, ક્રોએશિયા, જ્યોર્જિયા અને માલદિવ્સ જેવા દેશોએ પણ આ દિશામાં મહત્વપૂર્ણ પગલાં લીધાં છે. યુનેસ્કોની ગ્લોબલ એજ્યુકેશન મોનિટરિંગ ટીમના અભ્યાસમાં જાણવા મળ્યું છે કે સોશિયલ મીડિયાના વધુ ઉપયોગથી ખાસ કરીને કિશોરીઓ પર વધુ નકારાત્મક અસર થાય છે. સોશિયલ મીડિયા પર સતત સરખામણી, લાઈક્સ અને વર્ચ્યુઅલ માન્યતાની દોડને કારણે આત્મવિશ્વાસમાં ઘટાડો થાય છે. કેટલાક અભ્યાસો દર્શાવે છે કે ઈન્સ્ટાગ્રામ જેવા પ્લેટફોર્મના વધતા ઉપયોગને કારણે ઘણી સગીરાઓ પોતાના શારીરિક દેખાવ વિશે નકારાત્મક લાગણીઓ અનુભવે છે. આ સ્થિતિ બાળકોના માનસિક સ્વાસ્થ્ય અને સર્વાંગી વિકાસ માટે ચિંતાજનક છે. જોકે કેટલાક દેશોએ સંપૂર્ણ પ્રતિબંધનો માર્ગ અપનાવ્યો છે, ઘણા દેશો અને શૈક્ષણિક સંસ્થાઓ સંતુલિત અભિગમને વધુ અસરકારક માને છે. આવા સ્થળોએ મોબાઈલનો ઉપયોગ માત્ર શૈક્ષણિક હેતુઓ માટે મર્યાદિત રાખવામાં આવે છે. શિક્ષકો અભ્યાસક્રમ સંબંધિત એપ્લિકેશન, સંશોધન અને ડિજિટલ શૈક્ષણિક સામગ્રી માટે મોબાઈલનો ઉપયોગ કરાવે છે, જ્યારે મનોરંજન અને સોશિયલ મીડિયા માટે તેનો ઉપયોગ પ્રતિબંધિત રાખે છે. આ અભિગમ વિદ્યાર્થીઓને ટેક્નોલોજીનો જવાબદારીપૂર્વક ઉપયોગ કરવાની સમજ આપે છે. મોબાઈલના અતિરેક ઉપયોગની સમસ્યાનું સમાધાન માત્ર શાળાઓમાં નિયમો બનાવીને શક્ય નથી. માતા-પિતાની ભૂમિકા પણ એટલી જ મહત્વપૂર્ણ છે. ઘરમાં મોબાઈલ ઉપયોગ માટે સમય મર્યાદા નક્કી કરવી, જમવાના સમયે અને સૂતા પહેલાં મોબાઈલથી દૂર રહેવાનો નિયમ બનાવવો તથા બાળકો સાથે ગુણવત્તાસભર સમય પસાર કરવો જરૂરી છે. સાથે જ બાળકોને રમતગમત, વાંચન, કલા અને અન્ય સર્જનાત્મક પ્રવૃત્તિઓ તરફ પ્રોત્સાહિત કરવાથી તેઓ મોબાઈલ પરની નિર્ભરતા ઘટાડવામાં સફળ બની શકે છે. આ ઉપરાંત, ડિજિટલ સાક્ષરતા અંગે જાગૃતિ લાવવી પણ સમયની માંગ છે. બાળકોને મોબાઈલના ફાયદા અને ગેરફાયદા વિશે સમજ આપવી જોઈએ, જેથી તેઓ ટેક્નોલોજીનો યોગ્ય અને સંતુલિત ઉપયોગ શીખી શકે. માતા-પિતાએ પણ પોતે સારા ઉદાહરણ બનીને જવાબદાર મોબાઈલ વપરાશનો સંદેશ આપવો જોઈએ. નિષ્કર્ષરૂપે કહી શકાય કે મોબાઈલ પર સંપૂર્ણ પ્રતિબંધ જ એકમાત્ર ઉકેલ નથી. સાચો માર્ગ એ છે કે બાળકોને ટેક્નોલોજીનો વિવેકપૂર્ણ અને જવાબદાર ઉપયોગ શીખવવામાં આવે. શાળાઓ, માતા-પિતા અને સામાજિક સંસ્થાઓના સંયુક્ત પ્રયાસોથી જ એવી પેઢી તૈયાર કરી શકાશે.

# એર ક્રાફ્ટ ઉદ્યોગ માટે નાના એરપોર્ટ વિકાસની વધુ તકો ધરાવે છે

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

ગુજરાતમાં ઉડ્ડયન ક્ષેત્ર ઝડપથી પરિવર્તનના નવા તબક્કામાં પ્રવેશી રહ્યું છે. એક સમય હતો જ્યારે નાના એરપોર્ટ માત્ર મર્યાદિત મુસાફરી સેવાઓ માટે જાણીતા હતા, પરંતુ આજે તેઓ પાયલોટ તાલીમ, એરક્રાફ્ટ જાળવણી અને ઉડ્ડયન સંબંધિત વિવિધ પ્રવૃત્તિઓના મહત્વપૂર્ણ કેન્દ્રો બની રહ્યા છે. અમરેલી અને ભાવનગર જેવા એરપોર્ટ પર તાલીમ માટેના વિમાનોની વધતી અવરજવર સ્થાનિક લોકો માટે આશ્ચર્ય અને ઉત્સુકતાનો વિષય બની છે. બીજી તરફ વડોદરા ખાતે એરક્રાફ્ટ રિપેરિંગ, મેન્ટેનન્સ અને એસેમ્બલી સંબંધિત પ્રવૃત્તિઓ મોટા પાયે આગળ વધી રહી છે. ભારત જ્યારે ઉડ્ડયન જાળવણી ક્ષેત્રમાં નવી ઊંચાઈઓ સર કરી રહ્યું છે, ત્યારે ગુજરાત પણ આ પરિવર્તનનો મહત્વપૂર્ણ ભાગ બની રહ્યું છે. દેશમાં ખાનગી વિમાનોની સંખ્યા સતત વધી રહી છે. વ્યવસાયિક પ્રવાસ, ચાર્ટર્ડ ફ્લાઈટ્સ અને કોર્પોરેટ ઉડ્ડયનના વિસ્તરણને કારણે એરક્રાફ્ટ મેઈન્ટેનન્સ, રિપેર અને ઓવરહૉલ (MRO) ક્ષેત્રમાં વિકાસની વિશાળ તકો ઊભી થઈ રહી છે. ગુજરાતના વિવિધ એરપોર્ટ હવે માત્ર મુસાફરી માટેના કેન્દ્રો નથી રહ્યા, પરંતુ તેઓ ઉડ્ડયન ઉદ્યોગના વિવિધ ટેકનિકલ અને તાલીમ આધારિત કાર્યો માટે પણ ઉપયોગી બની રહ્યા છે. ગુજરાતના ધોલેરા ખાતે દેશનું સૌથી મોટું કાર્ગો ટર્મિનલ લગભગ તૈયાર થવાના આરે છે. બીજી તરફ અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ જેવા શહેરોમાં આંતરરાષ્ટ્રીય એરપોર્ટ કાર્યરત થઈ ચૂક્યા છે. આ તમામ એરપોર્ટ પર ખાનગી વિમાનોની અવરજવર પણ નોંધપાત્ર રીતે વધી રહી છે. આવી પરિસ્થિતિમાં ભાવનગર અને અમરેલી જેવા શહેરોમાં ઉડ્ડયન સંબંધિત સેવાઓ, તાલીમ અને જાળવણી ક્ષેત્રે વિકાસની નવી સંભાવનાઓ ઊભી થઈ રહી છે. જોકે ભાવનગર એરપોર્ટના વિકાસને કેટલાક ભૌગોલિક પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે. હાલમાં અહીં મર્યાદિત હવાઈ સેવાઓ ઉપલબ્ધ છે. તેનું મુખ્ય કારણ એરપોર્ટનું સ્થાન અને તેની આસપાસ વિકસતી શહેરી માળખાકીય સુવિધાઓ છે. ઉડ્ડયન ટેકનોલોજીમાં જેને 'ફનલ ઈફેક્ટ' તરીકે ઓળખવામાં આવે છે તે ભાવનગર એરપોર્ટ માટે સૌથી મોટો અવરોધ માનવામાં આવે છે. એરપોર્ટની આસપાસ ઊભી થયેલી બહુમાળી ઈમારતો અને ઊંચા મોબાઈલ ટાવરો વિમાનોના સલામત ઉડાન અને અવતરણ માટે પડકારરૂપ બની રહ્યા છે. પરિણામે કેટલીક વિમાની કંપનીઓ અહીં પોતાની સેવાઓ વિસ્તૃત કરવામાં સંકોચ અનુભવે છે. એરપોર્ટનો રનવે પણ હવે વધુ વિસ્તરણ માટે મર્યાદિત બની ગયો છે. જો ભવિષ્યમાં એરપોર્ટનું સ્થળાંતર અથવા વૈકલ્પિક વિકાસ યોજનાઓ અમલમાં આવે, તો ભાવનગર એરપોર્ટ આ મર્યાદાઓમાંથી બહાર આવી વધુ વિકાસ કરી શકે તેવી સંભાવના છે. ભારતમાં ઉડ્ડયન ક્ષેત્રના વિકાસ માટે કેન્દ્ર સરકાર દ્વારા એરક્રાફ્ટ મેઈન્ટેનન્સ એન્જિનિયરિંગ (AME) શિક્ષણમાં ઐતિહાસિક સુધારા કરવામાં આવ્યા છે. દેશને વૈશ્વિક MRO હબ બનાવવા માટે સરકાર દ્વારા



અનેક મહત્વપૂર્ણ પગલાં લેવામાં આવી રહ્યા છે. આ દિશામાં ગતિ શક્તિ યુનિવર્સિટી (GSV) અને ડિરેક્ટોરેટ જનરલ ઑફ સિવિલ એવિએશન (DGCA) વચ્ચે થયેલું સમજૂતી કરાર (MOU) એક મહત્વપૂર્ણ મીલનો પથ્થર સાબિત થઈ શકે છે. MRO એટલે મેઈન્ટેનન્સ, રિપેર અને ઓવરહૉલ. સરળ ભાષામાં કહીએ તો, વિમાનોને સલામત, કાર્યક્ષમ અને ઉડાનલાયક સ્થિતિમાં રાખવા માટે કરવામાં આવતી તમામ તકનીકી પ્રક્રિયાઓનો સમૂહ MRO કહેવાય છે. જેમ વાહનોને નિયમિત સર્વિસિંગની જરૂર પડે છે, તેમ વિમાનોને પણ અત્યંત કડક ધોરણો હેઠળ સમયાંતરે જાળવણી અને નિરીક્ષણની આવશ્યકતા હોય છે. મેઈન્ટેનન્સ પ્રક્રિયામાં વિમાનના એન્જિન, બ્રેક્સ, ટાયર, ઈલેક્ટ્રોનિક સિસ્ટમ્સ અને એરફ્રેમની નિયમિત તપાસ કરવામાં આવે છે. તેમાં દૈનિક ચેકથી લઈને A, B, C અને D જેવા મોટા સમયાંતરાવાળા નિરીક્ષણોનો સમાવેશ થાય છે. રિપેર પ્રક્રિયામાં કોઈપણ ખામીગ્રસ્ત ભાગની મરામત અથવા બદલાવ કરવામાં આવે છે. જ્યારે ઓવરહૉલ દરમિયાન એન્જિન અથવા અન્ય મહત્વપૂર્ણ ઘટકોને સંપૂર્ણપણે અલગ કરીને દરેક ભાગની વિગતવાર તપાસ કરવામાં આવે છે અને જરૂર મુજબ નવા ભાગો લગાવીને ફરી એસેમ્બલ કરવામાં આવે છે. આ પ્રક્રિયા વિમાનની કાર્યક્ષમતા અને આયુષ્ય વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.ઉડ્ડયન ક્ષેત્રમાં સલામતીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવે છે. DGCA, FAA જેવી નિયમનકારી સંસ્થાઓ દ્વારા દરેક વિમાન માટે ફરજિયાત જાળવણી કાર્યક્રમ નક્કી કરવામાં આવે છે. યોગ્ય MRO સેવાઓ વિમાનની સલામતી સુનિશ્ચિત કરે છે, તેના ડાઉનટાઈમમાં ઘટાડો કરે છે અને એરલાઈન્સ માટે ખર્ચમાં બચત સાથે નફાકારકતા પણ વધારે છે.હાલમાં ભારતના ઘણા વિમાનોનું MRO કાર્ય દુબઈ, સિંગાપોર અને શ્રીલંકા જેવા દેશોમાં કરવામાં આવે છે. તેના કારણે દર વર્ષે મોટી માત્રામાં વિદેશી હૂંડિયામણ દેશની બહાર જાય છે. આ સ્થિતિને બદલવા માટે ભારત સરકારે દેશની અંદર જ MRO સુવિધાઓનો વિકાસ કરવાનો વ્યૂહાત્મક નિર્ણય લીધો છે. આ સાથે જ કુશળ માનવબળ તૈયાર કરવા માટે AME શિક્ષણને વધુ આધુનિક અને ઉદ્યોગલક્ષી બનાવવામાં આવી રહ્યું છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭થી AME કોર્ષનો પાયલોટ પ્રોજેક્ટ શરૂ થવાનો છે. શરૂઆતમાં આ કોર્ષ GMR સ્કૂલ ઑફ એવિએશન અને એર ઈન્ડિયા AME એકેડેમીમાં શરૂ કરવામાં આવશે. અભ્યાસક્રમની રચનામાં એરબસ, સફ્રાન, ENAC ફ્રાન્સ, HAL અને અન્ય આંતરરાષ્ટ્રીય સંસ્થાઓનો સહયોગ લેવામાં આવ્યો છે. આ કોર્ષનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને એવી કુશળતા આપવાનો છે કે જેથી તેઓ અભ્યાસ પૂર્ણ કર્યા બાદ સીધા રોજગારી મેળવી શકે. ભારત વિશ્વના સૌથી ઝડપથી વિકસતા ઉડ્ડયન બજારોમાંનું એક છે. આગામી વર્ષોમાં દેશમાં ૩,૦૦૦થી વધુ નવા વિમાનોનો સમાવેશ થવાનો અંદાજ છે. આ વધતી જરૂરિયાતને પહોંચી વળવા માટે હજારો કુશળ ટેકનિકલ નિષ્ણાતોની જરૂર પડશે. અંદાજ મુજબ આગામી સમયમાં લગભગ ૩૦,૦૦૦ જેટલા પ્રશિક્ષિત કર્મચારીઓની માંગ ઊભી થશે. હાલમાં MRO ક્ષેત્રમાં કુશળ તકનીકી કર્મચારીઓની અછત અનુભવાઈ રહી છે. AME શિક્ષણ દ્વારા યુવાનોને DGCAના CAR-૬૬ અને CAR-૧૪૭ ધોરણો અનુસાર લાયસન્સ મેળવવાની તક મળશે, જે તેમને વૈશ્વિક સ્તરે રોજગારીની નવી તકો પ્રદાન કરશે. કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી કિન્જરાપુ રામમોહન નાયડુના જણાવ્યા મુજબ, આ પહેલ ભારતને MRO સેવાઓમાં આત્મનિર્ભર બનાવવામાં મદદરૂપ થશે. વિદેશમાં જતી અબજો રૂપિયાની જાળવણી સેવાઓ હવે દેશમાં જ ઉપલબ્ધ બનશે. ગતિ શક્તિ યુનિવર્સિટી રેલવે, ઉડ્ડયન, સંરક્ષણ અને મરીન ક્ષેત્રો વચ્ચે સંકલન સ્થાપિત કરીને નવી પેઢીના કુશળ વ્યાવસાયિકો તૈયાર કરવામાં મહત્વપૂર્ણ યોગદાન આપશે. આ યોજના હેઠળ DGCA અધિકારીઓને નવી ટેકનોલોજી અને આધુનિક નિયમનકારી માળખાની તાલીમ પણ આપવામાં આવશે. સાથે જ સસ્ટેનેબલ એવિએશન ફ્યુઅલ (SAF) જેવા ભવિષ્યલક્ષી વિષયો પર સંશોધનને પ્રોત્સાહન આપવામાં આવશે. શિક્ષણ, નિયમન અને ઉદ્યોગ વચ્ચે મજબૂત સેતુ રચવાનો પ્રયાસ આ પહેલનું વિશેષ પાસું છે. આમ, નાના એરપોર્ટોના વધતા મહત્ત્વ, MRO ક્ષેત્રના વિસ્તરણ અને AME શિક્ષણમાં કરવામાં આવેલા સુધારા ભારતના ઉડ્ડયન ક્ષેત્રને નવી દિશા આપી રહ્યા છે. ગુજરાત માટે પણ આ વિકાસ નવી તકો, રોજગારી અને ઔદ્યોગિક પ્રગતિનો માર્ગ ખુલ્લો કરી શકે છે. જો આ પહેલો સફળતાપૂર્વક અમલમાં આવશે, તો ભારત માત્ર ઉડ્ડયન બજારમાં જ નહીં પરંતુ વૈશ્વિક એરક્રાફ્ટ જાળવણી અને તકનીકી સેવાઓના ક્ષેત્રમાં પણ અગ્રણી સ્થાન પ્રપ્ત કરી શકશે.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

**રાજકોટ**

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૨૦૦ | ૧૭૭૫ |
| ઘઉં લોકવન | ૪૫૫ | ૫૦૫ |
| ઘઉં ટુકડા | ૪૫૮ | ૫૯૯ |
| જુવાર સફેદ | ૧૦૩૦ | ૧૧૩૦ |
| જુવાર લાલ | ૮૫૦ | ૧૦૯૧ |
| જુવાર પીળી | ૪૩૦ | ૫૩૦ |
| બાજરી | ૩૫૦ | ૪૭૨ |
| તુવેર | ૧૦૫૦ | ૧૫૨૬ |
| ચણા પીળા | ૯૯૦ | ૧૧૭૯ |
| ચણા સફેદ | ૧૦૫૦ | ૧૬૩૪ |
| અડદ | ૧૧૮૦ | ૧૬૪૨ |
| મગ | ૧૨૪૧ | ૧૭૭૫ |
| વાલ દેશી | ૭૫૦ | ૧૦૯૦ |
| ચોળી | ૧૦૦૦ | ૧૫૦૦ |
| વટાણા | ૬૦૦ | ૯૧૫ |
| કળથી | ૩૦૬ | ૩૯૧ |
| રાજમા | ૭૦૦ | ૧૫૦૦ |
| સીંગદાણા | ૧૪૫૦ | ૧૭૭૫ |
| મગફળી જાડી | ૧૨૨૫ | ૧૫૩૦ |
| મગફળી જીણી | ૧૨૯૦ | ૧૬૧૧ |
| અળશી | ૧૭૭૫ | ૧૭૭૫ |
| તલી | ૧૭૮૫ | ૨૪૨૫ |
| સુરજમુખી | ૭૮૫ | ૭૮૫ |
| એરંડા | ૧૧૦૦ | ૧૩૨૯ |
| સુવા | ૧૨૯૦ | ૧૩૫૬ |
| સોયાબીન | ૧૦૨૫ | ૧૩૮૪ |
| સીંગફાડા | ૧૩૨૦ | ૧૪૭૦ |
| કાળા તલ | ૨૩૦૦ | ૩૬૯૦ |
| લસણ | ૧૧૦૦ | ૨૪૫૦ |
| ધાણા | ૨૧૯૦ | ૨૪૬૦ |
| ધાણી | ૨૩૦૦ | ૨૬૦૦ |
| વરીયાળી | ૭૯૦ | ૧૭૦૦ |
| જીરૂ | ૩૨૦૦ | ૩૮૮૦ |
| રાય | ૧૨૬૦ | ૧૬૭૦ |
| મેથી | ૧૧૪૦ | ૧૭૯૦ |
| અશેરીયો | ૧૦૬૦ | ૧૧૩૬ |
| કલોંજી | ૨૯૬૦ | ૩૪૫૦ |
| રાયડો | ૧૧૨૦ | ૧૪૨૦ |
| રજકાનું બી | ૬૪૦૦ | ૮૩૫૦ |
| ગુવારનું બી | ૧૦૫૦ | ૧૧૨૦ |

**રાજકોટ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| કેરી કાચી | ૩૮૯ | ૬૦૨ |
| લીંબુ | ૭૩૧ | ૧૪૬૮ |
| પપૈયા | ૮૧ | ૧૭૨ |
| બટેટા | ૧૦૨ | ૨૮૯ |
| ડુંગળી સુકી | ૮૦ | ૩૬૫ |
| ટમેટા | ૬૫૪ | ૧૦૪૩ |
| સુરણ | ૭૫૨ | ૯૬૭ |
| કોથમરી | ૫૮૯ | ૮૦૫ |
| રીંગણા | ૧૪૪ | ૨૮૮ |
| કોબીજ | ૧૩૮ | ૨૯૫ |
| ફ્લાવર | ૩૬૨ | ૬૮૮ |
| ભીંડો | ૩૧૩ | ૬૧૪ |
| ગુવાર | ૪૪૧ | ૯૮૦ |
| ચોળાસીંગ | ૫૦૭ | ૯૮૧ |
| ટીંડોળા | ૪૭૧ | ૮૫૮ |
| દુધી | ૧૨૫ | ૨૦૮ |
| કારેલા | ૩૩૦ | ૫૬૮ |
| સરગવો | ૪૦૭ | ૮૬૯ |
| તુરીયા | ૪૬૧ | ૮૪૯ |
| પરવર | ૫૯૦ | ૭૭૮ |
| કાકડી | ૩૧૮ | ૭૨૫ |
| ગાજર | ૩૫૧ | ૫૦૨ |
| વટાણા | ૧૧૫૯ | ૧૪૯૫ |
| ગલકા | ૧૪૮ | ૩૮૫ |
| બીટ | ૨૨૧ | ૩૮૬ |
| મેથી | ૯૮૫ | ૧૫૫૯ |
| ડુંગળી લીલી | ૭૭૧ | ૧૧૪૪ |
| આદુ | ૧૮૭૯ | ૨૨૧૦ |
| મરચા લીલા | ૬૪૮ | ૯૯૫ |
| મકાઇ લીલી | ૨૦૧ | ૪૫૪ |

**ગોંડલ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૧૧ | ૧૭૧૧ |
| ઘઉં લોકવન | ૪૫૪ | ૫૨૦ |
| ઘઉં ટુકડા | ૪૪૪ | ૫૮૨ |
| મગફળી જીણી | ૧૧૮૧ | ૧૮૧૧ |
| સિંગદાણા જાડા | ૧૫૦૧ | ૧૯૨૧ |
| સિંગ ફાડીયા | ૧૩૦૧ | ૧૭૭૧ |
| એરંડા / એરંડી | ૧૦૫૧ | ૧૩૧૬ |
| તલ લાલ | ૧૭૭૬ | ૨૩૬૧ |
| જીરૂ | ૧૫૦૦ | ૩૯૮૧ |
| કલંજી | ૧૧૦૧ | ૩૩૬૧ |
| ધાણા | ૧૫૫૧ | ૨૬૩૧ |
| લસણ સુકું | ૮૦૧ | ૧૫૮૧ |
| ડુંગળી લાલ | ૯૧ | ૩૬૧ |
| અડદ | ૫૦૦ | ૧૬૪૧ |
| તુવેર | ૫૦૧ | ૧૫૨૧ |
| રાયડો | ૭૦૧ | ૧૩૧૧ |
| રાય | ૧૪૩૧ | ૧૬૩૧ |
| મેથી | ૯૫૧ | ૧૨૫૧ |
| મગફળી જાડી | ૧૧૫૧ | ૧૬૧૧ |
| સફેદ ચણા | ૧૦૫૧ | ૧૬૬૧ |
| તલ - તલી | ૧૮૫૧ | ૨૪૮૧ |
| ધાણી | ૧૬૫૧ | ૨૭૨૧ |
| મગ | ૧૦૨૧ | ૧૯૧૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૭૧ |
| સોયાબીન | ૧૧૧૧ | ૧૭૧૧ |
| ગોગળી | ૧૦૦૦ | ૧૩૨૧ |

**ગોંડલ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| ટમેટા | ૨૦૦ | ૧૧૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૬૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૧૬૦૦ |
| કોબી | ૧૦૦ | ૪૪૦ |
| દુધી | ૮૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૫૦ | ૫૦૦ |
| કાકડી | ૮૦ | ૮૦૦ |
| રીંગણા | ૨૦ | ૩૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૯૦૦ |
| ગલકા | ૨૦૦ | ૫૦૦ |
| ગાજર | ૨૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૮૦૦ |
| વટાણા | ૧૨૦૦ | ૨૦૦૦ |
| શક્કરીયા | ૩૮૦ | ૫૦૦ |
| કેરી કાચી | ૩૦૦ | ૮૦૦ |
| બટેટા | ૧૪૦ | ૨૮૦ |
| તાંજરીયા પુરા | ૩ | ૯ |
| કોથમીર પુરા | ૨ | ૪ |
| ફોદીનો પુરા | ૧ | ૩ |
| પરવર | ૧૨૦૦ | ૧૩૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૯૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૧૪૦૦ |
| મેથી પુરા | ૫ | ૧૪ |
| બીટ પુરા | ૧૦ | ૨૦ |
| સરગવો પુરા | ૨૦ | ૩૦ |
| ચોરા | ૨૦૦ | ૧૪૦૦ |
| કારેલા | ૨૦૦ | ૯૦૦ |
| મગફળી લીલી | ૭૦૦ | ૮૦૦ |
| કાચા પોપૈયા | ૧૦૦ | ૨૦૦ |
| આદુ | ૨૦૦ | ૨૨૦૦ |
| મકાઇ ડોડા | ૩૦૦ | ૪૦૦ |
| પાલક પુરા | ૩ | ૫ |

**અમરેલી**

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૧૨૯૫ | ૧૪૫૫ |
| શિંગ મોટી | ૧૦૦૦ | ૧૪૮૦ |
| શિંગદાણા | ૧૪૪૦ | ૨૧૦૦ |
| શિંગદાણા ફાડા | ૧૫૦૦ | ૧૭૮૫ |
| તલ સફેદ | ૧૫૨૦ | ૨૫૨૫ |
| તલ કાળા | ૨૩૦૦ | ૩૮૦૦ |
| તલ કાશમીરી | ૨૦૦૦ | ૨૩૬૦ |
| બાજરો | ૪૫૦ | ૫૦૫ |
| જુવાર | ૪૩૦ | ૧૦૮૦ |
| ઘઉં ટુકડા | ૪૧૦ | ૫૬૫ |
| ઘઉં લોકવન | ૪૩૫ | ૫૨૫ |
| મગ | ૧૦૦૦ | ૧૭૦૦ |
| ચણા | ૯૪૦ | ૧૧૬૦ |
| ચણા દેશી | ૧૦૨૫ | ૧૧૬૦ |
| સફેદ ચણા | ૯૭૦ | ૧૧૭૦ |
| ચોળી | ૧૪૨૦ | ૧૪૨૦ |
| તુવેર | ૮૦૦ | ૧૪૦૦ |
| કપાસ | ૧૦૪૦ | ૧૭૮૦ |
| એરંડા | ૯૫૫ | ૧૨૯૫ |
| જીરૂ | ૨૨૬૦ | ૩૮૭૫ |
| રાયડો | ૧૨૦૦ | ૧૨૩૫ |
| રાય | ૧૪૩૦ | ૧૫૦૦ |
| ધાણી | ૨૦૦૦ | ૨૪૬૫ |
| અજમા | ૧૯૮૦ | ૨૫૬૦ |
| મેથી | ૧૧૧૦ | ૧૩૫૦ |
| સોયાબીન | ૯૫૦ | ૧૩૬૫ |

**અમરેલી (શાકભાજી)**

| | | |
|---|---|---|
| બટેટા | ૧૫૦ | ૨૪૦ |
| રીંગણા | ૨૨૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૮૦૦ | ૧૦૦૦ |
| કોબીજ | ૨૦૦ | ૩૫૦ |
| શક્કરીયા | ૬૫૦ | ૭૩૦ |
| ટમેટાં | ૧૦૨૦ | ૧૧૧૦ |
| સુરણ | ૮૫૦ | ૯૦૦ |
| ગાજર | ૬૦૦ | ૭૦૦ |
| દુધી | ૨૦૦ | ૨૫૦ |
| કારેલા | ૬૦૦ | ૭૦૦ |
| ગલકા | ૩૦૦ | ૪૦૦ |
| કાચી કેરી | ૧૦૦૦ | ૧૮૦૦ |
| કાકડી | ૪૦૦ | ૫૧૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૧૮૦૦ |
| પાકી કેરી | ૭૦૦ | ૧૩૦૦ |
| વટાણા | ૧૬૫૦ | ૧૭૫૦ |
| ચોળા લીલા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| તુરીયા | ૮૦૦ | ૧૦૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૬૦૦ |
| આદુ | ૨૧૦૦ | ૨૩૫૦ |
| કોથમીર | ૬૦૦ | ૬૫૦ |
| મેથીભાજી | ૮૦૦ | ૯૦૦ |
| ફોદીનો | ૪૫૦ | ૫૫૦ |
| ટીંડોરા | ૬૫૦ | ૭૨૦ |
| બીટ | ૪૫૦ | ૫૦૦ |
| સરગવો | ૫૫૦ | ૬૦૦ |
| લીમડો મીઠો | ૧૭૦ | ૨૧૦ |
| મરચાં લીલાં | ૯૧૦ | ૧૧૦૦ |
| ડુંગળી સુકી | ૨૫૦ | ૫૦૦ |
| લસણ સુકુ | ૧૦૦૦ | ૨૦૦૦ |
| પાલક | ૬૦૦ | ૭૦૦ |
| લીંબુ | ૧૦૦૦ | ૧૨૧૦ |
| મકાઈ | ૩૦૦ | ૩૯૦ |

**સાવરકુંડલા**

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૧૨૨૦ | ૧૪૧૫ |
| શીંગ મોટી | ૧૨૦૦ | ૧૩૮૦ |
| શીંગ દાણા | ૧૫૫૦ | ૧૯૧૦ |
| તલ સફેદ | ૨૧૦૦ | ૨૫૦૦ |
| તલ કાળા | ૩૧૫૦ | ૩૯૨૫ |
| જીરૂ | ૨૯૦૦ | ૩૪૦૫ |
| કપાસ | ૧૫૦૦ | ૧૭૦૦ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૪૯૦ |
| ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૦૦ |
| બાજરો | ૪૦૦ | ૫૦૦ |
| જુવાર | ૬૦૦ | ૧૦૮૦ |
| મગ | ૧૫૫૦ | ૧૭૩૦ |
| અડદ | ૧૪૦૦ | ૧૬૦૦ |
| ચણા | ૧૦૮૦ | ૧૧૭૫ |
| દેશી ચણા | ૧૦૫૦ | ૧૧૦૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૩૦૦ |
| એરંડી | ૧૨૦૦ | ૧૨૫૦ |
| મેથી | ૧૨૫૦ | ૧૩૬૪ |
| રાય/રાયડો | ૧૩૫૦ | ૧૪૮૦ |
| ધાણા | ૨૨૦૦ | ૨૭૫૦ |

**ધારી**

| | | |
|---|---|---|
| મગફળી | ૯૫૫ | ૧૦૮૦ |
| ઘઉં લોકવન | ૪૪૧ | ૪૫૭ |
| ચણા | ૧૧૪૦ | ૧૧૪૧ |
| તુવેર | ૧૦૦૫ | ૧૩૬૦ |
| ધાણા | ૨૪૫૫ | ૨૪૮૦ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૩૫૨ |
| એરંડા | ૮૦૦ | ૧૨૬૫ |
| શીંગ દાણા | ૧૫૦૦ | ૨૩૦૦ |
| રાય | ૧૩૧૦ | ૧૩૯૦ |
| સોયાબીન | ૧૦૭૦ | ૧૨૯૦ |

**બગસરા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૨૦ | ૧૫૭૦ |
| મગફળી | ૮૦૦ | ૯૯૦ |
| ઘઉં લોકવન | ૩૩૦ | ૪૫૭ |
| મેથી | ૧૧૪૦ | ૧૧૪૦ |
| ઘઉં ટુકડા | ૪૪૮ | ૪૬૦ |
| તુવેર | ૧૧૫૫ | ૧૨૪૦ |
| ચણા | ૯૭૦ | ૧૧૧૨ |
| તલ કાળા | ૨૨૨૫ | ૩૨૫૫ |
| ધાણા | ૨૦૦૦ | ૨૩૯૫ |
| કલોંજી | ૧૬૦૦ | ૧૬૦૦ |
| મગ | ૧૫૨૧ | ૧૬૨૬ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૩૨૫ |
| તલ સફેદ | ૧૭૦૦ | ૨૨૮૫ |
| શીંગદાણા | ૧૦૦૦ | ૧૬૦૦ |
| લશણ | ૯૯૫ | ૯૯૫ |
| અડદ | ૧૩૪૦ | ૧૩૪૦ |
| ચોળી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ચણા સોલે | ૧૨૯૫ | ૧૨૯૫ |

**બાબરા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૬૨૦ | ૧૮૪૦ |
| કપાસ મીડીયમ | ૧૫૪૦ | ૧૬૦૦ |
| મગફળી | ૧૨૨૦ | ૧૪૦૦ |
| તલ સફેદ | ૧૫૨૦ | ૨૩૦૦ |
| તલ કાળા | ૨૮૭૦ | ૩૪૦૦ |
| જીરૂ | ૨૭૭૦ | ૩૮૦૦ |
| ચણા | ૧૧૩૫ | ૧૧૬૫ |
| ઘઉં | ૪૫૫ | ૫૧૫ |
| એરંડા | ૧૦૯૦ | ૧૨૩૦ |
| મગ | ૧૨૯૦ | ૧૫૬૦ |
| તુવેર | ૧૦૯૫ | ૧૩૫૫ |

**ભેંસાણ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૧ | ૧૭૪૧ |
| ઘઉં | ૩૫૧ | ૪૬૯ |
| બાજરો | ૨૪૧ | ૨૪૧ |
| જુવાર | ૪૦૦ | ૪૦૦ |
| મકાઈ | ૨૦૦ | ૨૦૦ |
| મગ | ૯૦૧ | ૧૬૨૧ |
| ચણા | ૮૦૧ | ૧૧૧૬ |
| અડદ | ૬૦૧ | ૧૫૨૬ |
| તુવેર | ૭૦૧ | ૧૩૯૬ |
| મગફળી | ૬૦૦ | ૧૨૫૧ |
| શિંગદાણા | ૧૫૦૧ | ૧૮૫૧ |
| શિંગફાડા | ૧૩૦૧ | ૧૬૯૧ |
| એરંડા | ૧૧૭૬ | ૧૧૭૬ |
| તલ સફેદ | ૧૩૦૧ | ૨૪૧૧ |
| તલ કાળા | ૧૮૦૧ | ૩૫૫૬ |
| મેથી | ૧૧૯૬ | ૧૧૯૬ |
| ધાણા | ૧૦૦૧ | ૨૨૦૧ |
| સોયાબીન | ૮૦૧ | ૧૩૪૧ |

**મહુવા**

| | | |
|---|---|---|
| શીંગ ઉનાળુ મગડી | ૧૩૦૦ | ૧૫૩૦ |
| શીંગ મીનાક્ષી નવી | ૧૧૦૦ | ૧૪૨૬ |
| શીંગ જી-૨૦ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| એરંડા | ૩૦૦ | ૧૨૯૯ |
| જુવાર | ૩૮૦ | ૧૧૭૨ |
| બાજરી | ૩૩૩ | ૫૦૦ |
| ઘઉં ટુકડા | ૪૪૧ | ૫૧૯ |
| મકાઈ | ૪૦૦ | ૪૩૦ |
| અડદ | ૮૨૫ | ૧૬૩૭ |
| મગ | ૧૨૦૦ | ૧૭૫૧ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૩૫૦ |
| ચણા | ૬૩૫ | ૧૨૦૦ |
| તલ સફેદ | ૧૨૫૦ | ૨૫૭૦ |
| તલ કાળા | ૧૮૦૦ | ૩૬૭૮ |
| તુવેર | ૭૫૦ | ૧૩૨૦ |
| જીરૂ | ૩૩૦૦ | ૩૩૦૦ |
| ડુંગળી લાલ | ૯૩ | ૪૫૯ |
| ડુંગળી સફેદ | ૨૨૦ | ૩૦૦ |
| નાળીયેર | ૫૨૫ | ૨૬૯૧ |

**કોડીનાર**

| | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૧૦૦૦ | ૧૬૫૦ |
| બાજરી હાઈબ્રીડ | ૩૨૦ | ૪૯૦ |
| ઘઉં | ૪૦૦ | ૪૭૫ |
| રાય | ૧૩૨૫ | ૧૫૮૫ |
| મેથી | ૧૦૩૦ | ૧૨૦૦ |
| જુવાર | ૮૧૦ | ૧૧૦૫ |
| ચોળી | ૭૨૦ | ૧૫૦૦ |
| અડદ | ૧૫૭૦ | ૧૬૭૬ |
| ચણા | ૧૦૫૦ | ૧૧૫૧ |
| સફેદ તલ | ૧૯૫૦ | ૨૫૨૫ |
| કાળા તલ | ૨૨૦૦ | ૩૮૦૦ |
| સોયાબીન | ૧૧૮૦ | ૧૪૨૫ |
| શીંગદાણા | ૧૨૫૦ | ૨૫૦૦ |


**જામનગર**

| | | |
|---|---|---|
| જુવાર | ૧૦૨૫ | ૧૧૦૦ |
| બાજરો | ૩૧૦ | ૫૦૦ |
| ઘઉં | ૪૧૦ | ૪૭૦ |
| મગ | ૧૪૨૫ | ૧૭૪૦ |
| અડદ | ૧૫૦૦ | ૧૫૭૦ |
| તુવેર | ૫૦૦ | ૧૪૭૦ |
| ચોળી | ૧૩૨૫ | ૧૪૦૦ |
| વાલ | ૫૦૦ | ૮૦૦ |
| મકાઈ | ૪૦૦ | ૪૩૫ |
| ચણા | ૭૫૦ | ૧૨૦૦ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૬૦૦ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૫૦૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૭૮ |
| તલ | ૧૫૦૦ | ૨૪૮૦ |
| તલ કાળા | ૨૦૦૦ | ૩૫૮૫ |
| રાયડો | ૧૨૦૦ | ૧૩૬૧ |
| રાઈ | ૧૫૦૦ | ૧૬૭૦ |
| લસણ | ૮૮૦ | ૨૦૦૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૬૫૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૭૩૦ |
| અજમો | ૨૧૭૫ | ૩૭૭૫ |
| અજમાની ભૂસી | ૧૦૦ | ૨૬૮૦ |
| ધાણા | ૨૦૦૦ | ૨૫૩૫ |
| ડુંગળી સુકી | ૧૧૫ | ૩૦૦ |
| વટાણા | ૪૫૫ | ૭૨૦ |
| કલોંજી | ૭૦૦ | ૩૩૫૫ |
| રાજમા | ૩૫૦ | ૯૫૦ |

**રાજુલા**

| | | |
|---|---|---|
| શીંગ | ૧૦૬૦ | ૧૩૧૫ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૫૦૦ |
| તલ કાળા | ૨૨૦૦ | ૩૯૬૧ |
| કપાસ | ૯૫૧ | ૧૭૫૧ |
| બાજરો | ૩૪૦ | ૪૯૫ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૪૮૦ |
| જુવાર | ૫૧૦ | ૧૧૬૬ |
| મકાઈ | ૪૫૦ | ૪૫૦ |
| મગ | ૧૫૦૦ | ૧૬૨૫ |
| અડદ | ૧૫૭૦ | ૧૫૭૧ |
| તુવેર | ૧૩૦૧ | ૧૩૩૧ |
| ચણા | ૯૨૫ | ૧૧૨૦ |
| એરંડી | ૧૦૦૦ | ૧૦૦ |
| ધાણા | ૨૦૦૦ | ૨૦૦૦ |
| રાય | ૧૩૬૦ | ૧૩૬૦ |
| અજમાં | ૨૦૦૧ | ૨૦૦૧ |
| શીંગદાણા | ૧૨૦૦ | ૧૨૦૦ |

# શબ્દ સંજોગ-૨૨૧૩




**આડી ચાવી :**
(૧) એક છંદ (૩)
(૪) ભાઈબંધ (૩)
(૮) પહેલેથી કરેલો વિચાર (૩)
(૯) નોતરેલા મહેમાનોનો સમૂહ (૩)
(૧૦) દિવસ (૨)
(૧૧) રગ, શિરા (૨)
(૧૨) ખટાશવાળુ ઉભરણ (૩)
(૧૪) રાત્રિ, રાત (૨)
(૧૫) અને (૧)
(૧૬) ઘરની મેડી (૨)
(૧૮) પીડા, આપદા (૩)
(૨૦) અરડૂસી (૨)
(૨૧) કચરો ઉપાડવાનું એક સાધન (૩)
(૨૩) એક જાતની માછલી (૨)
(૨૭) તોડયો તોડાય નહી તેવો સંબંધ (૪)
(૨૯) એટલુ જ નહિ પણ (૩)
(૩૧) સારાપણુ, સજ્જનતા (૩)
(૩૨) બળવાન, શક્તિમાન (૩)
(૩૩) ભોંય ખોદીને કરેલો ચૂલો (અ) (૩)

**ઉભી ચાવી :**
(૧) વાદળ (૩)
(૨) યજ્ઞ કરાવવો તે (૩)
(૩) મહિલા, સ્ત્રી (અ) (૨)
(૪) રાની, જંગલી (૩)
(૫) ગૂંથેલી કોર (૨)
(૬) દુઃખ, શોક (૩)
(૭) ગાયનું માદા બચ્ચુ (૪)
(૧૧) ખિન્ન, ગમગીન (૩)
(૧૩) વિચારણા, સમાલોચના (૩)
(૧૪) ફેંસલો (૩)
(૧૭) રહેમ, દયા (૨)
(૧૯) દાળચોખાના જીણા કકડા (૨)
(૨૨) સ્નેહી, પ્રીતિ (૩)
(૨૩) ઉપરાઉપરી અનેક જણ રડે તે (૪)
(૨૪) ટિંબો, ટેકરો (૩)
(૨૫) સાધારણ રીતે (૪)
(૨૮) પૂંજી, મૂડી (૩)
(૨૯) આડ, તહોમત (૨)
(૩૦) મુકદમો, કામ (૨)
(૩૧) અર્થ યુકત (૨)

# શબ્દ સંજોગ-૨૨૧૨ જવાબ


**આડી ચાવી:** (૧) તૈજસ (૩) સજલ (૬) રાજગરી (૮) વિખ (૯) ચિત્રકલા (૧૧) ફરમાન (૧૩) ત્રસ (૧૪) લતા (૧૬) ચિતાર (૧૭) કોઠ (૧૯) ડબ (૨૨) ણરકાર(રણકાર) (આ-અ) (૨૪) પસા(સાપ) (૨૬) રમકડા (૨૮) કનીનિકા (૨૯) હવા (૩૦) રજત (૩૧) હાર (૩૨) બાલછડ (૩૩) આરી. **ઉભી ચાવી:** (૧) તૈલચિત્ર (૨) સરાક (૩) સગ (૪) જરીફ (૫) પાખનર(પાનખર) (૭) જલાલ (૮) વિમાતા (૧૦) ત્રસકો (૧૨) રચિ(ચિર) (૧૫) તાડકા (૧૮) ઠણક (૨૦) બરકત (૨૧) મરહબા (૨૩) રડારડ (૨૪) પનિહારી (૨૫) સાકાર (૨૭) મવાલ.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ઈરાન-અમેરિકા વચ્ચે સંઘર્ષ વધતા હોર્મુઝ સ્ટ્રેટ બંધ, મોંઘવારી વધવાની સંભાવના

નવી દિલ્હી,તા.૧૧

અમેરિકા અને ઈરાન વચ્ચેના સૈન્ય સંઘર્ષ બાદ ઈરાને વ્યુહાત્મક રીતે મહત્વના ગણાતા 'હોર્મુઝ સ્ટ્રેટ' (જળમાર્ગ)ને સંપૂર્ણપણે બંધ કરવાની જાહેરાત કરી છે.





વિશ્વના આશરે ૨૦% ક્રૂડ ઓઈલ અને એક તૃતીયાંશ ભાગના એલએનજી (LNG) નો સપ્લાય આ ચોક પોઈન્ટ પરથી થાય છે. આ આંતરરાષ્ટ્રીય જળમાર્ગ બંધ થવાથી ખાડી દેશોમાંથી ભારત આવતા ઓઈલ અને ગેસના પુરવઠાને સીધી અસર થશે, જેનાથી દેશમાં મોંઘવારી માઝા મૂકે તેવી આશંકા છે. ક્રૂડ ઓઈલના ભાવ વધવાથી જે ૭ મુખ્ય વસ્તુઓ મોંઘી થઈ શકે છે એલપીજી સિલિન્ડર, પેટ્રોલ, ડીઝલ અને સીએનજી, મોંઘા ટ્રાન્સપોર્ટેશનના કારણે દૂધ, શાકભાજી અને ફળો, પેટ્રોકેમિકલ્સ આધારિત પેકેજ્ડ ફૂડ (બિસ્કિટ, ચિપ્સ વગેરે), સાબુ, ડિટર્જન્ટ અને હાઉસહોલ્ડ ક્લીનર્સ, પ્લાસ્ટિકની ઘરવપરાશની વસ્તુઓ (ડોલ, ટિફિન વગેરે) અને વૈશ્વિક લોજિસ્ટિક્સ ખર્ચ વધવાના કારણે મોબાઈલ અને ઈલેક્ટ્રોનિક્સ સાધનોનો સમાવેશ થાય છે.

# અમરનાથ યાત્રા પર લિક્વિડ અને ડ્રોન હુમલાનો ખતરાને લઈ સુરક્ષા એજન્સીઓ એલર્ટ

શ્રીનગર,તા.૧૧

આ વર્ષની અમરનાથ યાત્રા પર લિક્વિડ બોમ્બ (પ્રવાહી વિસ્ફોટક) અને ડ્રોન હુમલાનો મોટો ખતરો તોળાઈ રહ્યો છે. સુરક્ષા એજન્સીઓના ગંભીર ઈનપુટ્સ બાદ કેન્દ્રીય ગૃહ મંત્રાલય અને વડાપ્રધાન કાર્યાલય દ્વારા દેખરેખ વધારી દેવામાં આવી છે. જમ્મુ-કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિંહા સુરક્ષા વ્યવસ્થાની



સતત સમીક્ષા કરી રહ્યા છે અને ૧૨ જૂને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં દિલ્હી ખાતે હાઈ-લેવલ બેઠક યોજાશે. યાત્રાને સુરક્ષિત રાખવા માટે કેન્દ્રીય અર્ધલશ્કરી દળોની ૬૭૦ કંપનીઓ તૈનાત કરવામાં આવી છે અને સમગ્ર રૂટને 'નો-ફ્લાય ઝોન' જાહેર કરાયો છે. આ વખતે પ્રવાહી વિસ્ફોટક ડિટેક્ટર્સ, એન્ટી-ડ્રોન સિસ્ટમ, AI-આધારિત ફેસ રેકગ્નિશન કેમેરા અને RFID રિયલ-ટાઈમ ટ્રેકિંગ જેવી આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. સૈન્ય દ્વારા પહાડી અને જંગલ વિસ્તારોમાં ચુસ્ત સુરક્ષા દિવાલ તૈયાર કરવામાં આવી છે.

# યુપીની મેડિકલ સંસ્થાઓમાં ધર્માંતરણ અટકાવવા ખાસ સેલની રચના કરાશે


લખનૌ,તા.૧૧

ઉત્તર પ્રદેશની મેડિકલ અને ડેન્ટલ કોલેજોમાં ધાર્મિક પરિવર્તનની પ્રવૃત્તિઓ રોકવા માટે એક વિશેષ મોનિટરિંગ સેલ સ્થાપવામાં આવશે. કિંગ જ્યોર્જ મેડિકલ યુનિવર્સિટી (KGMU) અને સંજય ગાંધી પીજીઆઈ (SGPGI) માં સામે આવેલા કથિત ધર્માંતરણના કેસોને ગંભીરતાથી લઈને રાજ્યપાલ આનંદીબેન પટેલે આ એન્ટી-કન્વર્ઝન સેલ સ્થાપવાનો આદેશ આપ્યો છે. અટલ બિહારી વાજપેયી મેડિકલ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. અમિત દેવગને પણ તમામ સંલગ્ન કોલેજોને આ અંગે કડક સૂચનાઓ જારી કરી દીધી છે. આ સેલ વિદ્યાર્થીઓ, ડોક્ટરો અને સ્ટાફમાં જાગૃતિ લાવશે, શંકાસ્પદ ગતિવિધિઓ પર નજર રાખશે અને નિયમો અનુસાર ફરિયાદોની તપાસ કરીને શૈક્ષણિક સંસ્થાઓમાં સુરક્ષિત વાતાવરણ જાળવવાનું કામ કરશે.

# મહારાષ્ટ્રના રાજકારણમાં ઉથલપાથલના સંકેત : ઉદ્ધવ જૂથના ૭ સાંસદો શિંદે છાવણીમાં જોડાય તેવી અટકળો

મુંબઈ,તા.૧૧

મહારાષ્ટ્રના રાજકારણમાં ફરી એકવાર મોટા રાજકીય પલટાની અટકળો તેજ થઈ છે. રાજકીય વર્તુળોમાં ચાલી રહેલી ચર્ચા મુજબ, ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેના (UBT) ના કુલ ૯ માંથી ૭ સાંસદો પક્ષ છોડીને મુખ્યમંત્રી એકનાથ શિંદેના શિવસેના જૂથમાં જોડાઈ શકે છે. જોકે,



બંને પક્ષો હાલમાં આ બાબતે સત્તાવાર મૌન સેવી રહ્યા છે અને ઉદ્ધવ જૂથ આને માત્ર એક અફવા ગણાવી રહ્યું છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, મુખ્યમંત્રી એકનાથ શિંદે અને સાંસદ શ્રીકાંત શિંદે છેલ્લા છ મહિનાથી ઠાકરે જૂથના આ સાંસદોના સંપર્કમાં છે અને દિલ્હીમાં તેમની વચ્ચે અનેક રાઉન્ડની બેઠકો પણ યોજાઈ ચૂકી છે. તાજેતરમાં ૭ જૂને દિલ્હીમાં એક ગુપ્ત બેઠક યોજાઈ હોવાનો દાવો કરાયો છે, જેમાં કેન્દ્રીય મંત્રીમંડળના સંભવિત વિસ્તરણ દરમિયાન ઠાકરે જૂથના એક સાંસદને મંત્રી પદ અને અન્યને મહત્વની જવાબદારીઓ સોંપવાનો પ્રસ્તાવ આપવામાં આવ્યો છે. મુંબઈના બે સાંસદો સિવાયના બાકીના ૭ સાંસદો શિંદેના સંપર્કમાં હોવાનું કહેવાય છે, જેના કારણે મહારાષ્ટ્રના રાજકીય વર્તુળોમાં ફરી હલચલ મચી ગઈ છે.

# ઈન્ટરપોલ રેડ નોટિસ હેઠળ વોન્ટેડ સાયબર ગુનેગાર ગણેશ કાલેનું થાઈલેન્ડથી પ્રત્યાર્પણ

મુંઈબ,તા.૧૧

CBI દ્વારા સાયબર છેતરપિંડીના કેસમાં વોન્ટેડ આરોપી ગણેશ બાલાસો કાલેને થાઈલેન્ડથી સફળતાપૂર્વક ભારત લાવવામાં આવ્યો છે. આરોપી ઓનલાઈન પાર્ટ-ટાઈમ નોકરીઓ અને રોકાણના નામે લોકો સાથે નાણાકીય છેતરપિંડી કરતો હતો અને ગેરકાયદેસર ટ્રાન્સફર માટે 'મ્યુલ એકાઉન્ટ્સ' નો ઉપયોગ કરતો હતો. મે ૨૦૨૬માં જારી



થયેલી ઈન્ટરપોલ રેડ કોર્નર નોટિસના આધારે થાઈ પોલીસે ૨૪ મેના રોજ બેંગકોકથી તેની ધરપકડ કરી હતી. કાનૂની પ્રક્રિયા પૂર્ણ થતાં મુંબઈ એરપોર્ટ પર મહારાષ્ટ્ર પોલીસના સાયબર સેલે તેને કસ્ટડીમાં લીધો છે.

# સનાતન ધર્મ અંગેની ટિપ્પણી બદલ ભૂતપૂર્વ સીજેઆઈ ડી.વાય. ચંદ્રચુડને કાનૂની નોટીસ

નવી દિલ્હી,તા.૧૧

સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ (CJI) ડી.વાય. ચંદ્રચુડ દ્વારા માસિક ધર્મ અને પૂજા વિધિ અંગે જાહેરમાં કરાયેલી એક ટિપ્પણી બદલ વિવાદ સર્જાયો છે. મુંબઈના વકીલ ઘનશ્યામ ઉપાધ્યાયે તેમને એક કાનૂની નોટિસ મોકલીને બિનશરતી માફી માંગવાની અને જાહેર સ્પષ્ટતા કરવાની માંગ કરી છે. નોટિસમાં આરોપ છે કે



આ ટિપ્પણીથી સનાતન ધર્મની પરંપરાગત માન્યતાઓ અને લાખો ભક્તોની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચી છે.


આ વિવાદ ૨૮ મેના રોજ યોજાયેલા એક કાર્યક્રમમાંથી શરૂ થયો હતો, જેમાં તેમણે પોતાની પુત્રવધૂનો ઉલ્લેખ કરીને જણાવ્યું હતું કે માસિક ધર્મ સ્ત્રીને અશુધ્ધ બનાવતો નથી અને આ સમયગાળામાં પણ મહિલાઓ ધાર્મિક વિધિઓમાં ભાગ લઈ શકે છે. નોટિસ આપનાર વકીલની દલીલ છે કે હિન્દુ પરંપરાઓમાં આવા નિયમો સ્થાપિત ધાર્મિક પ્રથાનો ભાગ છે, સામાજિક ભેદભાવ નહીં. નોટિસમાં સબરીમાલા મંદિરના પડતર કેસનો પણ ઉલ્લેખ કરીને પૂછવામાં આવ્યું છે કે શું આ નિવેદન ન્યાયિક કાર્યવાહીને પ્રભાવિત કરવાના ઈરાદાથી કરાયું હતું. આ મામલો હવે અભિવ્યક્તિની સ્વતંત્રતા અને ધાર્મિક સ્વતંત્રતા વચ્ચેના બંધારણીય સંતુલનની ચર્ચા જગાવી રહ્યો છે.

**કેન્દ્રીય મંત્રી ડો. મનસુખભાઈ માંડવિયાના સઘન પ્રયાસોથી**

# પોરબંદરમાં ૧૩ અને ૧૪ જૂનના રોજ 'વિકસિત પોરબંદર ફર્નિચર પાર્ક સમિટ'

અમરેલી,તા.૧૧

કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખભાઈ માંડવિયાના સઘન પ્રયાસોથી પોરબંદરમાં આગામી ૧૩ અને ૧૪ જૂન, ૨૦૨૬ના રોજ બે દિવસીય 'વિકસિત પોરબંદર ફર્નિચર પાર્ક સમિટ' યોજાશે. આ સમિટમાં પોરબંદરમાં સૂચિત મેગા ફર્નિચર પાર્કની સ્થાપના, વિકાસની સંભાવનાઓ



અને રોકાણની તકો અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવશે. કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી માંડવિયા અને ગુજરાતના મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાની પ્રેરક ઉપસ્થિતિમાં હિતધારકો સાથે ખાસ સંવાદ યોજાશે. આ સમિટમાં દેશભરમાંથી ફર્નિચર ઉદ્યોગના ૫૦થી વધુ પ્રતિનિધિઓ તેમજ બ્રિટિશ ડેપ્યુટી હાઈ કમિશનના પ્રતિનિધિ અને આઈકિયા તથા હેટીચ જેવી પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ્સના અગ્રણીઓ ભાગ લેશે. આ ઉપરાંત ગુજરાત સરકારના ઉદ્યોગ અને બંદર વિભાગના ઉચ્ચ અધિકારીઓ પણ જરૂરી રૂપરેખા પ્રસ્તુત કરશે. પ્રતિનિધિઓ ૧૪ જૂનના રોજ ભારવાડા ખાતે સૂચિત સ્થળની મુલાકાત લઈને પ્રોજેક્ટની વ્યવહારિકતા ચકાસશે.

# મીનાક્ષી નટરાજન ફોર્મ રદ મામલે સુપ્રીમ કોર્ટ તાત્કાલિક સુનાવણી કરવા સંમત

ભોપાલ,તા.૧૧

કોંગ્રેસ નેતા મીનાક્ષી નટરાજનનું રાજ્યસભા ચૂંટણીનું ઉમેદવારી પત્ર (નોમિનેશન) રદ કરવાના વિવાદમાં સુપ્રીમ કોર્ટ તાત્કાલિક સુનાવણી કરવા તૈયાર થઈ છે. ભાજપના વાંધા બાદ રિર્ટનિંગ ઓફિસરે એવા આધારે ફોર્મ રદ કર્યું હતું કે તેમણે સોગંદનામામાં હૈદરાબાદ કોર્ટના પેન્ડિંગ કેસની વિગત છુપાવી છે.



આ નિર્ણયને કોંગ્રેસે વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવી મારફતે સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો છે.

સિંઘવીએ દલીલ કરી છે કે નટરાજન સામે કોઈ ફોજદારી કેસ પેન્ડિંગ નથી, માત્ર સમન્સ જારી થયું છે અને કોર્ટે કોઈ કાનૂની નોંધ લીધી નથી. તેથી આ નિર્ણય ગેરકાયદેસર અને પક્ષપાતી છે. જસ્ટિસ પી.કે. મિશ્રા અને અતુલ એસ. ચાંદુરકરની પીઠે આ મામલાની ગંભીરતા જોઈને શુક્રવારે તાત્કાલિક સુનાવણી રાખવા સંમતિ આપી છે.

# ચીનના શિંગઆન કાઉન્ટીમાં જોરદાર બ્લાસ્ટ થતા ૭ના મોત

શિંગઆન,તા.૧૧

ચીનના દક્ષિણ-પશ્ચિમ વિસ્તારમાં આવેલા ગુઆંગ્શી પ્રાંતના શિંગઆન કાઉન્ટીમાં આજે વહેલી સવારે એક જોરદાર બ્લાસ્ટ થયો છે.

આ ભયાનક અકસ્માતમાં અંદાજે ૭ લોકોના મોત થયા છે, જ્યારે ૧૭ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. આ ધમાકો એટલો શક્તિશાળી હતો કે તેનો અવાજ કેટલાય કિલોમીટર દૂર સુધી સંભળાયો હતો, તેમજ ધમાકાના કારણે આસપાસની ઈમારતોને ભારે નુકસાન થયું હતું અને લોકોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. અને નાસભાગ મચી ગઈ હતી.ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડ, પોલીસ અને મેડિકલ ટીમ સહિતનો મોટો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને બચાવ કામગીરી શરૂ કરી હતી.

# બંગાળમાં બંધ શાળાના ઓરડામાંથી કરોડોની રોકડ મળતા પોલીસ સ્તબ્ધ

કલકત્તા,તા.૧૧

પશ્ચિમ બંગાળના ઉત્તર ૨૪ પરગણા જિલ્લાના કાંચરાપરામાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. ત્યાં આવેલી હાર્નેટ અંગ્રેજી માધ્યમ શાળાના લાંબા સમયથી બંધ રૂમમાં બીજપુર પોલીસે દરોડો પાડીને રૂ.૧.૭૭ કરોડની માતબર રોકડ જપ્ત કરી છે. નોટોની ગણતરી કરવા માટે પોલીસે ત્રણ મશીનોની મદદ લેવી પડી હતી. આ મામલે



પોલીસે શાળાના કેશિયર અવિક નાથ અને આસિસ્ટન્ટ એકાઉન્ટન્ટ સયન ઘોષની ધરપકડ કરી છે. સ્થાનિક લોકોનો દાવો છે કે આ કાળું નાણું નગરપાલિકાના વડા કમલ અધિકારીનું છે, જ્યારે આચાર્યએ આ રકમને બાળકોની એડમિશન ફી ગણાવી છે.

# પીઓકેમાં પાકિસ્તાની સેનાનું હેલિકોપ્ટર ક્રેશ થતા ૨૧ના મોત

ઈસ્લામાબાદ,તા.૧૧

પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK) માં મુઝફ્ફરાબાદ નજીક પાકિસ્તાની સેનાનું એક MI-17 હેલિકોપ્ટર ઉડાન ભર્યાના થોડા જ સમયમાં દુર્ઘટનાગ્રસ્ત થયું છે. આ ભયાનક અકસ્માતમાં હેલિકોપ્ટરમાં સવાર તમામ ૨૧ સુરક્ષાકર્મીઓના મોત થયા હોવાના અહેવાલો મળી રહ્યા છે, જોકે સેના દ્વારા હજુ સુધી સત્તાવાર રીતે મુસાફરોની કુલ સંખ્યા જાહેર કરવામાં આવી નથી. પ્રારંભિક



માહિતી મુજબ, આ સુરક્ષાકર્મીઓ નીલમ ઘાટી સેક્ટરમાં વિધાનસભાની ૧૨ અનામત બેઠકોના વિવાદને કારણે વધારાની તૈનાતી માટે જઈ રહ્યા હતા. મુઝફ્ફરાબાદથી ઉડાન ભર્યા બાદ તરત જ હેલિકોપ્ટરમાં ગંભીર ટેકનિકલ ખામી સર્જાઈ હતી. પાયલટે સમયસૂચકતા વાપરીને

**પાકિસ્તાની સેનાએ આ ઘટના પાછળના સાચા કારણો શોધવા માટે તપાસના આદેશ આપ્યા**

ઈમરજન્સી લેન્ડિંગ કરવાનો પૂરતો પ્રયાસ કર્યો હતો, પરંતુ તે સુરક્ષિત રીતે ઉતરાણ કરવામાં નિષ્ફળ રહ્યો હતો અને હેલિકોપ્ટર ક્રેશ થઈ ગયું હતું. હાલમાં પાકિસ્તાની સેનાએ આ સમગ્ર ઘટના પાછળના સાચા કારણો શોધવા માટે ઉચ્ચ સ્તરીય તપાસના આદેશ આપી દીધા છે.

# ઈરાન પર ખૂબ જ જોરદાર હુમલો કરવાના ટ્રમ્પના નિવેદનથી વૈશ્વિક રાજકારણમાં ખળભળાટ

વોશિંગ્ટન,તા.૧૧

અમેરિકા અને ઈરાન વચ્ચેનો તણાવ ફરી એકવાર ચરમસીમાએ પહોંચ્યો છે. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વ્હાઈટ હાઉસથી જાહેરાત કરી છે કે અમેરિકા ઈરાન પર વળતા પ્રહારો ચાલુ રાખશે. ઈરાન દ્વારા હોર્મુઝ સ્ટ્રેટ નજીક અમેરિકી લશ્કરી 'અપાચે'હેલિકોપ્ટરને તોડી પાડવાના દાવા બાદ ટ્રમ્પનું આ આક્રમક નિવેદન



આવ્યું છે. તેમણે સ્પષ્ટ કર્યું કે આ ઘટના બાદ અમેરિકાને લશ્કરી કાર્યવાહી કરવાનો સંપૂર્ણ અધિકાર છે અને ઈરાનને તેના પરમાણુ મિશનથી રોકવા માટે આ સોદો નિર્ણાયક રહેશે. એકતરફ લશ્કરી સંઘર્ષ વચ્ચે ટ્રમ્પે એવો પણ દાવો કર્યો છે કે બંને દેશો વચ્ચેનો ડ્રાફ્ટ કરાર સંપૂર્ણ તૈયાર છે, જેમાં માત્ર ઈરાનની સહી બાકી છે. આ ઉપરાંત તેમણે ગુપ્ત ઓપરેશનનો ખુલાસો કરતા જણાવ્યું કે અમેરિકા દરરોજ આંતરરાષ્ટ્રીય બજારમાંથી લાખો બેરલ ઈરાની તેલ હટાવી રહ્યું છે. આ સૈન્ય ગતિવિધિઓએ સમગ્ર પશ્ચિમ એશિયા સહિત વૈશ્વિક સ્તરે ભારે ચિંતા જગાડી છે.

# ગુજરાત રાજ્યસભાની ચાર ખાલી બેઠકો પર ભાજપના ઉમેદવારો બિનહરીફ







ગાંધીનગર,તા.૧૧

ગુજરાતમાં રાજ્યસભાની ચાર ખાલી પડેલી બેઠકો પર ભારતીય જનતા પાર્ટીના તમામ ઉમેદવારો સત્તાવાર રીતે બિનહરીફ ચૂંટાયા જાહેર થયા છે. ફોર્મ પરત ખેંચવાની મુદત પૂર્ણ થતાં જ ચૂંટણી અધિકારી દ્વારા રાજેશ શુક્લા, મુકેશભાઈ રાઠવા, માનસિંહ પરમાર અને જીતેન્દ્ર કણઝારિયાને વિજેતા જાહેર કરાયા છે. વિરોધ પક્ષ તરફથી કોઈ જ ઉમેદવાર મેદાનમાં ન હોવાને કારણે હવે ૧૮ જૂનના રોજ યોજાનારી ચૂંટણીની પ્રક્રિયાની કોઈ જરૂરિયાત રહેશે નહી

# રાજ્યમાં હજુ પણ આકરી ગરમી, વરસાદની કોઈ આગાહી નહી


ગાંધીનગર,તા.૧૧



રાજ્યમાં ઉનાળાની આકરી ગરમી અને બફારાથી લોકોને હજુ રાહત મળી નથી. છેલ્લા ૨૪ કલાક દરમિયાન દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં છૂટાછવાયા સ્થળોએ હળવો વરસાદ નોંધાયો હતો, જ્યારે ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં હવામાન સૂકું રહ્યું હતું. રાજ્યના મહત્તમ તાપમાનમાં એક ડિગ્રી જેટલો વધારો નોંધાતા ગરમીનું પ્રમાણ વધુ વધી ગયું છે. છેલ્લા સાત દિવસથી અમદાવાદ રાજ્યનું સૌથી ગરમ શહેર બન્યું છે.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર બુધવારે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૨.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે સામાન્ય તાપમાન કરતાં ૩.૧ ડિગ્રી વધુ છે. બીજી તરફ સુરતમાં ૩૫.૪ ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે ૦.૪ મીમી વરસાદ નોંધાયો હતો. દેશના ૨૨ રાજ્યોમાં ભારે વરસાદની આગાહી સાથે એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જોકે ગુજરાતમાં હાલ ભારે વરસાદની કોઈ શક્યતા દર્શાવવામાં આવી નથી. ચોમાસાની આગળ વધવાની પ્રક્રિયા છેલ્લા સાત દિવસથી સ્થગિત છે. ઉત્તર પ્રદેશમાં વાવાઝોડાના કારણે ત્રણ લોકોના મોત થયા છે, જ્યારે બિહારમાં વરસાદ અને વાવાઝોડાને કારણે દિવસ દરમિયાન પણ અંધકારમય વાતાવરણ સર્જાયું હતું.

# અમદાવાદમાં મિત્રએ છરીના ઘા ઝીંકી મિત્રની કરી હત્યા

અમદાવાદ,તા.૧૧




અમદાવાદના બાપુનગરમાં અંગત અદાવતમાં વિજય રાજપૂત અને આકાશ રાઠોડે તેમના જ મિત્ર શુભમ કોળીની છરીના ઘા મારી હત્યા કરી છે. શહેરમાં ગુનાખોરી ચિંતાજનક રીતે વધી રહી છે, જ્યાં છેલ્લા બે દિવસમાં જ ત્રણ હત્યાના બનાવો નોંધાયા છે. અન્ય કિસ્સાઓમાં, એક યુવકે તેની ભાવી પત્નીની અને ઉજાલા ચોકડી પાસે એક પતિએ લગ્નના ત્રણ જ મહિનામાં પોતાની પત્ની રસીતાની નિર્મમ હત્યા કરી નાખી છે. પોલીસ આ મામલે વધુ તપાસ કરી રહી છે.

# રાજ્યમાં એક મહિનાની હેલ્મેટ ડ્રાઈવ પૂર્ણ: રૂ.૫.૨૧ કરોડનો દંડ વસૂલાયો

અમદાવાદ, તા.૧૧



ગુજરાતમાં માર્ગ અકસ્માતો અટકાવવા અને ટ્રાફિક જાગૃતિ લાવવા માટે ૧ થી ૩૧ મે દરમિયાન વિશેષ 'હેલ્મેટ ડ્રાઈવ' યોજવામાં આવી હતી. રાજ્યના પોલીસ વડા જી.એસ. મલિકના જણાવ્યા મુજબ, પોલીસનો હેતુ દંડ વસૂલવાનો નથી પરંતુ નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવાનો છે. આ ઝુંબેશની ખાસ વાત એ હતી કે નિયમો બધા માટે સમાન રાખવામાં આવ્યા હતા. સરકારી કચેરીઓના પ્રવેશદ્વારે જ ટ્રાફિક પોલીસ તૈનાત કરીને નિયમભંગ કરનારા ૫,૧૨૩ સરકારી અધિકારીઓ-કર્મચારીઓ પાસેથી રૂ.૧૬.૫૮ લાખનો દંડ વસૂલાયો હતો. સ્ટેટ ટ્રાફિક બ્રાન્ચના અહેવાલ મુજબ, સમગ્ર રાજ્યમાં કુલ ૧.૮૮ લાખથી વધુ વાહનચાલકો સામે કાર્યવાહી કરીને કુલ રૂ.૫.૨૧ કરોડનો દંડ વસૂલવામાં આવ્યો છે. પોલીસ દ્વારા અવારનવાર દંડને બદલે ગુલાબનું ફૂલ કે હેલ્મેટ આપીને પણ લોકોને માર્ગ સુરક્ષાનું મહત્વ સમજાવવામાં આવે છે.

# જસદણના મેઘપરમાં કૌટુંબિક વિવાદમાં સગા મામાએ કરી ૧૩ વર્ષના ભાણેજની હત્યા

જસદણ,તા.૧૧



રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના મેઘપર ગામની સીમમાં પારિવારિક અદાવતમાં સગા મામા અરવિંદ માથુકિયાએ તેના ૧૩ વર્ષીય ભાણેજ નરેન્દ્રની પથ્થર મારીને હત્યા કરી છે. હંસાબેનની મોટી દીકરી (આરોપીના પુત્રની પત્ની) દાંપત્યજીવનના વિવાદને કારણે પિયરમાં રહેતી હતી, જેની અદાવત રાખી મામાએ બહેન-બનેવીનો રસ્તો રોકી ઝઘડો કર્યો હતો. હુમલામાં પથ્થર માથામાં વાગતા કિશોરનું મોત નીપજ્યું હતું. પોલીસે બાબરામાંથી આરોપી મામાની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રાજ્યના નાગરિકોની અરજીનો ૧૫ દિવસમાં જ નિકાલ લાવવા પોલીસ અધિકારીઓને ડીજીપીનો આદેશ

અમદાવાદ,તા.૧૧




ગુજરાતના પ્રત્યેક નાગરિકની રજૂઆતોનો સ્થાનિક સ્તરે જ ઝડપી નિકાલ થાય તે માટે રાજ્યના પોલીસ વડા (DGP) જી.એસ. મલિકે મહત્વનો આદેશ કર્યો છે. હવે નાગરિકોને પોતાના પ્રશ્નો માટે છેક ગાંધીનગર સુધી ધક્કા નહીં ખાવા પડે.

આ નવીન વ્યવસ્થા અંતર્ગત, તમામ ઉચ્ચ પોલીસ અધિકારીઓએ (CP, રેન્જ વડા અને SP) દરરોજ સવારે ૧૨ થી ૨ વાગ્યા સુધી અને તમામ પોલીસ સ્ટેશનના થાણા અમલદારોએ (PI) દરરોજ સાંજે ૪ થી ૬ વાગ્યા સુધી ફરજિયાત કચેરીમાં હાજર રહી પ્રજાની ફરિયાદો સાંભળવી પડશે. સમયમર્યાદાની વાત કરીએ તો, આર્થિક ગુના, કૌટુંબિક વિવાદ, મેડિકલ નેગ્લિજન્સ અને ભ્રષ્ટાચાર જેવી જટિલ અરજીઓનો નિકાલ ૬ અઠવાડિયામાં, જ્યારે અન્ય તમામ સામાન્ય અરજીઓનો નિકાલ વધુમાં વધુ ૧૫ દિવસમાં કરવાનો રહેશે. જો તપાસમાં ગુનો સાબિત થાય, તો તુરંત FIR નોંધવાના પણ કડક આદેશ અપાયા છે.

# રાજ્યમાં નકલી કૃષિ સામગ્રી વેચનારા કે સંગ્રહખોરી કરનારાઓને જેલભેગા કરાશે

ગાંધીનગર,તા.૧૧



ગુજરાત સરકારે ચોમાસાની વાવણી પૂર્વે ખેડૂતો સાથે છેતરપિંડી અને કાળાબજારી કરનારા તત્વો સામે 'ઝીરો ટોલરન્સ' નીતિ અપનાવી છે. કૃષિ મંત્રીએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે ગેરકાનૂની, પ્રતિબંધિત કે નકલી કૃષિ સામગ્રી વેચનારા કે સંગ્રહખોરી કરનારાઓને કોઈ પણ સંજોગોમાં સાંખી લેવાશે નહીં અને તેમની સામે સીધી પોલીસ ફરિયાદ કરી જેલ ભેગા કરાશે.

કૃષિ વિભાગની ૮૫ વિજીલન્સ ટીમોએ છેલ્લા ત્રણ મહિનામાં ૩,૫૨૬ ઉત્પાદકો અને વિક્રેતાઓની સઘન તપાસ કરી છે. નિયમોના ઉલ્લંઘન બદલ અત્યાર સુધીમાં ૭૫૨ વિક્રેતાઓને નોટિસ ફટકારવામાં આવી છે, જ્યારે ખાતર, બિયારણ અને દવાના કુલ ૫૪ લાયસન્સ તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરાયા છે. આ ઉપરાંત બે ઈસમો સામે એફઆઈઆર પણ દાખલ કરવામાં આવી છે. સબસિડીવાળા ખાતરની કાળાબજારી અટકાવવા પીઓએસ (POS) મશીન અને ભૌતિક જથ્થાની પણ નિયમિત ચકાસણી થઈ રહી છે.

# ગાયિકા કાજલ મહેરિયાના નામે કોર્ટમાં છૂટાછેડાની નકલી અરજી થતાં ચકચાર

મહેસાણા,તા.૧૧



ગુજરાતની લોકપ્રિય ગાયિકા કાજલ મહેરિયા અને તેના પતિ અલ્પેશ ઠાકોર વચ્ચે મહેસાણા ફેમિલી કોર્ટમાં કોઈ અજ્ઞાત શખ્સે છૂટાછેડાની નકલી અરજી દાખલ કરી દીધી છે. દંપતીને કોર્ટની નોટિસ મળતા આ આખા કૌભાંડનો પર્દાફાશ થયો હતો. તપાસમાં સામે આવ્યું કે બંને વચ્ચે કોઈ વિવાદ નથી અને અરજીમાં વકીલોની સહી તેમજ સનદ નંબરનો પણ ખોટો ઉપયોગ કરાયો હતો. અરજીમાં કરાયેલો દાવો કે કાજલ ૧૨ મહિનાથી પિયરમાં રહે છે તે તદ્દન ખોટો સાબિત થયો છે. આ ગંભીર કાવતરા અંગે કાજલના વકીલે કોર્ટ રજિસ્ટ્રાર સમક્ષ તપાસની માંગ કરી છે.

# રાજ્યના પૂર્વ ડીજીપી એ. કે. ભાર્ગવનું નિધન થતા ગાર્ડ ઓફ ઓનર સાથે અંતિમ સંસ્કાર

ગાંધીનગર,તા.૧૧



ગુજરાતના પૂર્વ ડીજીપી અને ૧૯૭૦ની બેચના બાહોશ આઈપીએસ અધિકારી અરુણકુમાર ભાર્ગવ (એ. કે. ભાર્ગવ)નું ૮૦ વર્ષની વયે કિડનીની બીમારીના કારણે અવસાન થયું છે. ગાંધીનગર ખાતે સંપૂર્ણ પોલીસ સન્માન અને 'ગાર્ડ ઓફ ઓનર' સાથે તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૦૨ના ગોધરા કાંડ અને કોમી તોફાનોના પડકારજનક સમયમાં કાયદો-વ્યવસ્થા જાળવવામાં તેમણે પ્રશંસનીય ભૂમિકા ભજવી હતી. તેમના નિધનથી પોલીસ બેડામાં શોક વ્યાપી ગયો છે.











